પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News
RNI NO:- 67073/97
વર્ષઃ૨૫, અંકઃ૧૫, કુલ પાનાઃ૪, તારીખઃ ૦૯-૦૯-૨૦૨૧ ગુરૂવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 15 PRICE :-RS. 1.50 DATE : 09-09-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678
પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ત્રીજી લહેર વચ્ચે ઝઝુમી રહ્યા દેશવાસીઓ પોતાના પંરાપરાગત વારસો સાચવવાની અપીલ

# રાજ્યમાં નવરાત્રિનું આયોજન થશે કે નહીં તેને લઈને ગુજરાતની જનતા અસમંજસમાં

કોરોનાની ત્રીજી લહેરની વચ્ચે લોકો હજુ શું કરવું તે વિશે વિચારવા જઈ રહી છે. ગુજરાત સહિત સમગ્ર દુનિયા છેલ્લા એક વર્ષ કરતા વધુ સમયથી કોરોનાનો માર સહન કરી રહી છે. ત્યારે કોરોનાને કારણે ગુજરાતમાં છેલ્લા એક વર્ષથી તહેવારો પર રોક લગાવવામાં આવી રહી છે. રાજ્યમાં નવરાત્રિનું આયોજન થશે કે નહીં તેને લઈને ગુજરાતની જનતા અસમંજસમાં છે. તો બીજી તરફ સરકાર દ્વારા પણ હજુ સુધી કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી કે આ વર્ષે રાજ્યમાં નવરાત્રિનું આયોજન કરવા દેવામાં આવશે કે નહીં. એવામાં નવરાત્રિને હવે એક મહિના જેટલો જ સમય બાકી છે. ત્યારે જો સરકાર મંજૂરી નહીં આપે તો બેઠા ગરબા યોજી ગરબીનું આયોજન કરવાનું રાજકોટના ગરબી આયોજકો દ્વારા નક્કી કર્યું છે. કોરોનાને કારણે રાજ્યમાં ગત વર્ષે નવરાત્રિના આયોજન પર રોક લગાવવામાં આવી હતી. જો કે, આ વર્ષે પણ નવરાત્રિ આયોજનને લઈને કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. ત્યારે રાજકોટમાં છેલ્લા ઘણા વર્ષોથી નવરાત્રિનું આયોજન કરતા ગરુડ ગરબી આયજોકોએ કહ્યું હતું કે, ગત વર્ષ કરતા આ વર્ષે પરિસ્થિતિ વધુ સારી છે. કોરોના કેસ પણ કાબુમાં છે. તો બીજી તરફ રાજ્યમાં મોટા પ્રમાણમાં વેક્સીનેશન થઈ રહ્યું છે. એવામાં લોકોની આસ્થા અને શ્રદ્ધાનું કેન્દ્ર એવી નવરાત્રિની મંજૂરી સરકાર દ્વારા આ વર્ષે કેટલીક મર્યાદાઓ સાથે આપવી જોઈએ. વધુમાં રાજકોટના ગરૂડ ગરબી આયોજકોએ કહ્યું કે, જો સરકાર આ વર્ષે પણ નવરાત્રિના આયોજનની મંજૂરી નહીં આપે તો અમે નવરાત્રિ પર બેઠા ગરબાનું આયોજન કરીશું, અમે માતાજીના મંદિરમાં જ ગરાબીનું આયોજન કરશું. અહીં માતાજીના ગરબા ગાશું, આરાધના કરશું તેમજ માતાજીને પ્રાર્થના કરીશું કે ગુજરાત સહિત સમગ્ર દુનિયાને કોરોના મુક્તે કરે, પરંતુ અમે આ વર્ષે પરંપરા ખંડીત થવા નહીં દઈએ અને નવરાત્રિ તો માનાવીશું. ગણતરીના લોકો સાથે નવરાત્રિમાં માત્ર ગરબા ગાઈને આરાધના કરીશું. આઝાદી પૂર્વે ૧૯૧૬ થી રાજકોટમાં ગરુડની ગરબીનું આયોજન કરવામાં આવે છે. નવરાત્રિના ૯ દિવસ દરરોજ ૫ હજારથી વધુ લોકો ગરબા જોવા આવે છે. ત્યારે ગરૂડ ગરબીના આયોજકો દ્વારા કહેવામાં આવ્યું કે અમે સરકારના નિર્ણયની રાહ જોઈ રહ્યા છીએ. ગત વર્ષે કોરોના મહામારીને કારણે ગરબા થઈ શક્યા ન હતા પરંતુ આ વર્ષે મંજૂરી મળે તેવી આશા રાખી રહ્યા છીએ.

**તેની વચ્ચે રાજકોટવાસીઓએ કહ્યું કે સરકાર મંજૂરી નહીં આપે તો અમે આ રીતે કરશું આયોજન, પરંતુ રાજકોટમાં આ વર્ષે નવરાત્રી મનાવીશું જ**

## રાજ્યમાં ડેન્ગ્યુ-ચિકનગુનિયા સહિતના કેસમાં ધરખમ વધારો

ગાંધીનગર,

રાજકોટ અને સૌરાષ્ટ્રમાં ઋતુજન્ય રોગચાળો વકર્યો છે. રાજકોટની સિવિલ હૉસ્પિટલની ઓપીડીમાં દર્દીઓની કતારો લાગી છે. ઓગસ્ટ મહિનાની સરખાણમીમાં સપ્ટેમ્બરના એક જ અઠવાડિયામાં રોગચાળાના કેસમાં ત્રણ ગણો વધારો થયો છે. ઓગસ્ટ મહિનામાં સામાન્ય તાવના ૨૯ હજારથી વધુ કેસ નોંધાયા. તો સપ્ટેમ્બર મહિનામાં અત્યાર સુધીમાં સામાન્ય તાવના ૪ હજાર જેટલા કેસ નોંધાયા છે. અત્યાર સુધીમાં મેલેરિયાના કુલ ૬૬ કેસ નોંધાયા છે તો ડેન્ગ્યૂના સાત અને ચિકનગુનિયાના છ કેસ નોંધાયા છે. તો સામાન્ય શરદી ઉધરસના એક જ અઠવાડિયામાં ૯૨૩ કેસ નોંધાયા છે. ઝાડા ઉલટીના ૩૦૭ કેસ નોંધાયા છે. વડોદરામાં પણ રોગચાળો બેકાબૂ બન્યો છે. વડોદરામાં ડેન્ગ્યુ, ચિકનગુનિયા, તાવ અને ઝાડા ઉલટીના કેસમાં ધરખમ વધારો થયો છે. ડેન્ગ્યુના ૩૮, તાવના ૫૧૭, ચિકનગુનિયાના ૯ અને ઝાડાના વધુ ૫૪ કેસો નોંધાયા છે. જ્યારે જાન્યુઆરીથી અત્યાર સુધીમાં વડોદરા શહેરમાં ૭૭૮, ચિકનગુનિયાના ૪૩૧, ઝાડા ઊલટી અને તાવના કુલ ૧૦,૧૩૬ કેસો નોંધાયા છે. જો કે, વડોદરામાં રોગચાળો વકર્તા સયાજી હોસ્પિટલમાં બેડ હાઉસફૂલ થઈ ગયા છે. કહેવામાં આવી રહ્યું છે કે, સયાજી હોસ્પિટલમાં એક પણ બેડ ખાલી નથી.રાજ્યમાં એક તરફ કોરોનાની ત્રીજી લહેરનો ભય સતાવી રહ્યો છે. એવામાં હાલ ઋતુજન્ય રોગચાળો વકર્યો છે. રાજ્યના ૪ મહાનગરોમાં સહિત અન્ય જગ્યાઓ પર રોગચાળાના કેસમાં વધારો થયો છે. રાજ્યમાં ડેન્ગ્યુ, ચિકનગુનિયા, તાવ અને ઝાડા ઊલટીના કેસમાં ધરખમ વધારો થઈ રહ્યો છે. રાજકોટ અને વડોદરામાં રોગચાળાના કેસમાં વધારો થતા હોસ્પિટલમાં દર્દીઓની લાઈન લાગી છે. તો કેટલીક હોસ્પિટલોમાં બેડ પણ ફૂલ થઈ ગયા છે. તો ક્યાંક દર્દીઓની જમીન પર સારવાર કરવામાં આવી રહી છે.



રાજ્યમાં ઓગસ્ટ સુધી ચોમાસાની શરૂઆત નહીંવત થતા લોકો તેમજ ખેડુતો પરેશાન હતા પરંતુ સપ્ટેમ્બર મહિનાની શરૂઆતથી જ મેઘરાજા મહેરબાન થઈ ગયા હોય તેમ લાગી રહ્યું છે. અને હવામાન વિભાગની આગાહી પ્રમાણે હજુ પણ રાજ્યમાં સારા વરસાદની આશા દેખાઈ રહી છે એટલે હજુ પણ ગુજરાત રાજ્યમાં મેઘરાજા મહેરબાન રહેશે તેવી આશા છે. તેની સાથે રાજ્ય સરકાર દ્વારા એનડીઆરએફ અને એસડીઆરએફની ટીમોને પણ એલર્ટ રહેવા સૂચના આપી દીધી છે. જેથી કોઈ મોટી હોનારત ન થાય.

## ચાલુ વર્ષે MA, BAના તમામ સેમેસ્ટરના નવા અભ્યાસક્રમ લાગુ કરાયા

અમદાવાદ,

યુજી-પીજીમાં પ્રથમ વર્ષને બાદ કરતા અન્ય વર્ષના વિદ્યાર્થીઓનો અભ્યાસ શરૂ થયાને બે મહિના થઈ ગયા છે. બી.એમાં સેમેસ્ટર ૧થી૬ અને પીજીમાં એ.એના સેમેસ્ટર ૧થી૪માં ચાલુ વર્ષે ફિલોસોફી અને હિસ્ટ્રી એમ બંને સબ્જેક્ટમાં નવા અભ્યાસક્રમો લાગુ કરાયા છે.હિસ્ટ્રી સાથે બી.એ અને એમ.એ કરતા વિદ્યાર્થીઓને તેમજ ફિલોસોફી સાથે બી.એ અને એમ.એ કરતા વિદ્યાર્થીઓને આ વર્ષથી નવો કોર્સ ભણવાનો રહેશે.યુનિ.દ્વારા તમામ આર્ટસ કોલેજોને આ મુદ્દે પરિપત્ર કરીને નવો અભ્યાસક્રમ ભણાવવા સૂચના અપાઈ છે. જો કે બી.એમાં સેમેસ્ટર ૪થી૬માં અને એમ.એમાં સેમેસ્ટર ૩થી૪માં તો જુન મહિનાથી ભણાવવાનું પણ શરૂ થઈ ગયુ છે ત્યારે ત્રણ મહિના બાદ નવા અભ્યાસક્રમ લાગુ કરાતા વિદ્યાર્થીઓએ અત્યાર સુધી જુનો અભ્યાસક્રમ ભણ્યો છે તો તેનું શું તેવી ફરિયાદો વિદ્યાર્થીઓએ ઉઠાવી છે.ગુજરાત યુનિ.દ્વારા આ વર્ષથી બી.એ અને એમ.ના તમામ સેમેસ્ટરમાં બે વિષયમાં નવા કોર્સ લાગુ કરવામા આવ્યા છે.આ બાબતે તમામ આર્ટસ કોલેજોને નવા અભ્યાસક્રમ વિદ્યાર્થીઓને ભણાવવા પરિપત્ર પણ કરી દેવાયો છે.

## મુંબઈના મેયરે કહ્યું- આવી ગઈ ત્રીજી લહેર

નવી દિલ્હી,

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ પણ રાજ્યમાં વધી રહેલા કોરોના કેસના કારણે રાજકીય દળોને તમામ પ્રકારની રેલીઓ અને ધાર્મિક કાર્યક્રમો રદ કરવા વિનંતી કરી હતી. ડિઝાસ્ટર મેનેજમેન્ટની બેઠકમાં મુખ્યમંત્રી ઠાકરે ઉપરાંત અજિત પવાર, બાલા સોહબ થોરાટ, અશોક ચવ્હાણ સહિત અન્ય કેટલાય મંત્રીઓ પણ સામેલ થયા હતા. બેઠકમાં ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે, પબ્લિક હેલ્થ ખૂબ મહત્વપૂર્ણ છે. તહેવારો ભવિષ્યમાં પણ ઉજવાઈ શકે. જો કોરોનાના કેસ વધશે તો સ્થિતિ ખૂબ ખરાબ થઈ જશે. જો ત્રીજી લહેર આવતી રોકવી છે તો સ્વાસ્થ્ય પર ચોક્કસ ધ્યાન આપવું પડશે. આ તરફ ગણેશ ઉત્સવ પહેલા મહારાષ્ટ્રના સ્વાસ્થ્ય મંત્રી રાજેશ ટોપેએ ફરી એક વખત લોકોને સાર્વજનિક જગ્યાઓએ ભીડ એકઠી કરવાને લઈ ચેતવ્યા હતા. તેમણે કહ્યું હતું કે, 'આ કોઈ રોકેટ સાયન્સ નથી. એ સરળ વાત છે કે, જો સાર્વજનિક સ્થળોએ ભીડ જમા થશે તો કેસ વધશે.'કોરોનાની બીજી લહેરે આખા દેશમાં જે તબાહી મચાવી તેને ધ્યાનમાં રાખીને સરકાર હવે સંભવિત ત્રીજી લહેરનો સામનો કરવા માટે તૈયારી કરી રહી છે. કેરળમાં છેલ્લા કેટલાક દિવસોથી કોરોનાના કેસમાં ભારે મોટો



ઉછાળો આવ્યો છે જેથી રાજ્ય સરકારે વિવિધ પ્રકારના પ્રતિબંધો લાગુ કરવા પડ્યા છે. ત્યારે હવે મહારાષ્ટ્રમાં સંભવિત ત્રીજી લહેરને લઈ સરકાર સતર્ક બની ગઈ છે. ઉદ્ધવ સરકાર લોકોને ચેતવણી આપી રહી છે જેથી કોરોનાના કેસમાં ઉછાળો ન આવે. આ તરફ મુંબઈના મેયરે કોરોનાની ત્રીજી લહેર આવી ગઈ હોવાનું જણાવ્યું હતું. મહારાષ્ટ્રમાં ગણેશ ચતુર્થીની શરૂઆત પહેલા કોરોના વાયરસની ત્રીજી લહેરને લઈ ચિંતા વધી છે. મુંબઈના મેયર કિશોરી પેડનેકરે લોકોને ઘરમાં જ ગણેશ ચતુર્થી ઉજવવા વિનંતી કરી છે. તેમણે જણાવ્યું કે, 'મુંબઈના મેયર તરીકે હું તો મારૂં ઘર, મારા બાપ્પા એમ ફોલો કરવા જઈ રહી છું. હું ક્યાંય નહીં જઉ અને ન કોઈને મારા ભગવાન પાસે આવવા દઉં. કોરોનાની ત્રીજી લહેર રોકવા માટે આ ખૂબ મહત્વપૂર્ણ છે.' મેયરે એવું પણ કહ્યું હતું કે, કોરોનાની ત્રીજી લહેર આવી નથી રહી પરંતુ અહીં જ છે.

## ચીને ભારત સરહદે આર્મી કમાન્ડર બદલ્યા

બેઈજિંગ,

ચીનના પ્રમુખ શી જિનપિંગે જુલાઈમાં જનરલ શૂ કિલિંગને પીએલએની પશ્ચિમ થિયેટર કમાન્ડના વડા તરીકે પ્રમોટ કર્યા હતા. જોકે, હવે શૂ કિલિંગની નવી ભૂમિકા સ્પષ્ટ નથી. ૫૯ વર્ષીય જનરલ શૂ કિલિંગ પૂર્વીય લદ્દાખમાં ભારત સાથે વિવાદ શરૂ થયા પછી નિમણૂક પામનારા ત્રીજા કમાન્ડર હતા. અગાઉ જનરલ ઝાંગ શુડોંગની ગયા વર્ષે ૧૯મી ડિસેમ્બરે કમાન્ડના વડા તરીકે નિમણૂક કરાઈ હતી. તેમણે ૬૫ વર્ષીય જનરલ ઝાઓ ઝોંગકી પીએલએમાંથી નિવૃત્ત થતાં શુડોંગે તેમનું સ્થાન લીધું હતું. જનરલ વાંગ હેજિયાંગ ૧૯૮૦ના દાયકાની શરૂઆતમાં વિયેતનામ સાથેનું યુદ્ધ જોઈ ચૂક્યા છે. પીપલ્સ લિબરેશન આર્મીના એલીટ યુનિટમાં પણ સેવા આપી ચૂક્યા છે. વાંગ ડિસેમ્બર ૨૦૧૯ સુધી તિબેટ મિલિટ્રી ડિસ્ટ્રિક્ટના વડા તરીકે સેવા આપી ચૂક્યા છે. અહીં તેઓ તિબેટવાસીઓમાં સરકાર વિરોધી ભાવનાને દબાવવાનું કામ કરી રહ્યા હતા. તિબેટ અંગે ચીન હંમેશા સાવધ રહ્યું છે. તાજેતરમાં જ ચીના પ્રમુખ શી જિનપિંગે તિબેટનો પ્રવાસ કર્યો હતો. આ સાથે તિબેટનો પ્રવાસ કરનારા તે ચીનના સૌપ્રથમ પ્રમુખ હતા. અહીં તેમણે ધાર્મિક કાર્યક્રમોને નિયંત્રિત કરનારા મૌલિક દિશા નિર્દેશો લાગુ કરવા પર ભાર મૂક્યો હતો તેમજ સૈન્યને કોઈપણ સમયે યુદ્ધ માટે તૈયાર રહેવા પણ જણાવ્યું હતું.ભારત અને ચીન વચ્ચે પૂર્વીય લદ્દાખ સરહદે ચાલી રહેલા વિવાદ વચ્ચે ડ્રેગને ભારતીય સરહદે નવા મિલિટ્રી કમાન્ડર જનરલ વાંગ હેજિયાંદગની પીપલ્સ લિબરેશન આર્મીની પશ્ચિમી થીયેટર કમાન્ડના નવા કમાન્ડર તરીકે નિમણૂક કરી છે. પૂર્વીય લદ્દાખમાં ભારત સાથે સંઘર્ષ પછી ચીને ચોથી વખત પશ્ચિમી થીયેટર કમાન્ડના કમાન્ડર બદલ્યા છે. પૂર્વીય લદ્દાખમાં ભારત અને ચીન વચ્ચે લગભગ દોઢ વર્ષથી સ્ટેન્ડ-ઓફની સ્થિતિ છે. અનેક તબક્કાની વાટાઘાટો પછી પણ બંને દેશ કોઈ સમજૂતી પર પહોંચી શક્યા નથી. જનરલ વાંગ હેજિયાંગ વેસ્ટર્ન થિયેટર કમાન્ડમાં જનરલ શૂ કિલિંગનું સ્થાન લેશે. મે ૨૦૨૦થી લદ્દાખમાં શરૂ થયેલા સંઘર્ષ પછી જનરલ વાંગ પશ્ચિમી થીયેટર કમાન્ડને લીડ કરનારા ચોથા કમાન્ડર છે. ચીનની વેસ્ટર્ન થિયેટર કમાન્ડ શિનજિયાંગ અને તિબેટ સ્વાયત્ત ક્ષેત્રની સાથે ભારત સાથે સરહદની દેખરેખ કરે છે, જેથી તે ચીનના સૈન્યમાં એક કમાન્ડ તરીકે સૌથી મોટું ભૌગોલિક ક્ષેત્ર બની જાય છે. ચીનની સરકારી વેબસાઈટ સિનામિલના અહેવાલ મુજબ કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ચીન (સીપીસી) અને સેન્ટ્રલ મિલિટ્રી કમિશન (સીએમસી)ના વડા તરીકે શી જિનપિંગે વાંગ અને અન્ય ચાર સૈન્ય અધિકારીઓને ચીનમાં સક્રિય સૈન્ય સેવામાં અધિકારીઓ માટેની સર્વોચ્ચ જનરલ રેંક તરીકે બઢતી આપી હતી. સેન્ટ્રલ મિલિટ્રી કમિશન (સીએમસી) પીપલ્સ લિબરેશન આર્મી (પીએલએ)ની એકંદર હાઈકમાન્ડ છે. ગયા વર્ષે જૂન મહિનામાં ગલવાન ઘાટીની અથડામણ પછી બંને દેશોના સૈન્ય પેંગોંગ ત્સો સરોવર અને ગોગરાથી પોતાના સૈનિકોને પાછા બોલાવવા સંમત થયા છે, પરિણામે પૂર્વીય લદ્દાખમાં તણાવ કંઈક અંશે ઓછો થયો છે, પરંતુ હોટ સ્પ્રિંગ્સ અને દેપસાંગ જેવા ક્ષેત્રોમાં હજી પણ બંને દેશના સૈનિકો આમને-સામને છે.

## સમગ્ર વિશ્વમાં કોરોનાને પગલે ચાલી રહેલી મંદી વચ્ચે ચીનનો વેપાર અંકબંધ રહ્યો

બેઈજિંગ,

ઓગસ્ટ મહિનામાં ચીનની અમેરિકામાં થયેલી નિકાસ ૫૧.૭ અબજ ડોલર રહી છે. જે ગયા વર્ષના સમાન ગાળાની સરખામણીમાં ૧૫.૫ ટકા અને જુલાઈ, ૨૦૨૧ની સરખામણીમાં ૧૩.૪ ટકા વધારે છે. અમેરિકા દ્વારા ટેરિફમાં વધારો કરવામાં આવ્યો હોવા છતાં ચીનની અમેરિકામાં થયેલી નિકાસમાં વૃદ્ધિ જોવા મળી છે. જ્યારે બીજી તરફ ઓગસ્ટમાં અમેરિકાથી ચીનમાં થયેલી આયાત ૧૪ અબજ ડોલર રહી છે. જે ગયા વર્ષના સમાન ગાળાની સરખામણીમાં ૩૩.૩ ટકા અને જુલાઈ, ૨૦૨૧ની સરખામણીમાં ૨૫.૫ ટકા વધારે છે.કોરોના વાઈરસના ડેલ્ટા વેરિયન્ટને કારણે ઉભા થયેલા અવરોધો છતાં ઓગસ્ટ મહિનામાં ચીનની આયાત અને નિકાસમાં વધારો જોવા મળ્યો છે. ઓગસ્ટ મહિનામાં ચીનની નિકાસ ૨૯૪.૩ અબજ ડોલર રહી છે. જે ગયા વર્ષના ઓગસ્ટ મહિના કરતા ૨૫.૬ ટકા વધારે છે. જ્યારે જુલાઈ, ૨૦૨૧ કરતા ઓગસ્ટ, ૨૦૨૧ની નિકાસ ૧૮.૯ ટકા વધારે છે. ઓગસ્ટ, ૨૦૨૧માં ચીનની નિકાસ ૨૩૬ અબજ ડોલર રહી છે. જે ગયા વર્ષના ઓગસ્ટ મહિનાની સરખામણીમાં ૩૩.૧ ટકા વધારે છે. જ્યારે જુલાઈ, ૨૦૨૧ કરતા ૨૮.૭ ટકા વધારે છે. ગયા વર્ષના વૈશ્વિક આર્થિક શટડાઉન અને ચાલુ વર્ષે ફરીથી કોરોનાની લહેરને કારણે ઔદ્યોગિક ઉત્પાદન ચેઈનમાં અવરોધ ઉભો થયા છતાં નિકાસ અને અયાતના પ્રોત્સાહક આંકડા જાહેર કરીને સૌને આશ્ચર્યચકિત કરી દીધા છે.

## સુપ્રીમે કેન્દ્રને પેગાસસ જાસુસી કેસમાં જવાબ દાખલ કરવા વધુ સમય આપ્યો

નવી દિલ્હી,

ખંડપીઠમાં સીજેઆઈ ઉપરાંત ન્યાયમૂર્તિ સૂર્યકાંત અને ન્યાયમૂર્તિ અનિરૂદ્ધ બોસ પણ સામેલ છે. મંગળવારે કેસ ખંડપીઠ સમક્ષ સુનાવણી માટે આવ્યો તો કેન્દ્ર સરકાર તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જણાવ્યું હતું કે કેટલીક સમસ્યાઓને કારણે બેન્ચ દ્વારા માગવામાં આવેલ એફિડેવિટ દાખલ કરી શકાયું નથી. તુષાર મહેતાએ આગામી સોમવાર આૃથવા ગુરૂવારે કેસની સુનાવણી હાથ ધરવાની અપીલ કરી હતી. મહેતાએ જણાવ્યું હતું કે એફિડેવિટમાં કેટલીક સમસ્યાઓ છે. અમે એક એફિડેવિટ દાખલ કર્યું છે પણ કોર્ટે પૂછ્યું હતું કે શું તમે વધુ એક અફિડેવિટ દાખલ કરવા માગો છો. વરિષ્ઠ પત્રકાર એન રામની તરફથી હાજર રહેલા વકીલ કપિલ સિબલે જણાવ્યું હતું કે અમને કેન્દ્ર સરકારની આ અપીલ સામે કોઈ વિરોધ નથી. ખંડપીઠે જણાવ્યુંમ હતું કે આ કેસને સોમવારે સૂચિબદ્ધ કરવામાં આવે. ઉલ્લેખનીય છે કે સુપ્રીમ કોર્ટ આ કેસની સ્વતંત્ર તપાસની માગ કરનાર એડિટર્સ ગિલ્ડ ઓફ ઈન્ડિયાની એક અરજી સહિત ૧૨ અરજીઓ સુનાવણી કરી રહી છે.સુપ્રીમ કોર્ટે પેગાસસ જાસુસી કેસની સ્વતંત્ર તપાસની માગ કરતી અરજીઓ પર સુનાવણી કરતા કેન્દ્ર સરકારને પોતાનો જવાબ દાખલ કરવા માટે થોડોક વધુ સમય આપ્યો છે અને કેસની આગામી સુનાવણીની તારીખ ૧૩ સપ્ટેમ્બર નક્કી કરી છે. ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા(સીજેઆઇ) એનવી રમણાની અધ્યક્ષતાવાળી ત્રણ જજોની બેન્ચે ૧૭ ઓગસ્ટે આ અરજીઓ પર કેન્દ્ર સરકારને નોટીસ જારી કરી હતી.

## હરિયાણામાં સરકાર ચિંતામાં : હજારો ખેડુતો રસ્તા પર ઉતર્યા

કર્નાલ,

હરિયાણાના લઘુ સચિવાલયના બન્ને ગેટ બંધ કરી દેવા પડયા છે એટલી મોટી સંખ્યામાં ખેડૂતો પહોંચ્યા છે. ગેટની અંદર સીઆરપીએફની બટાલિયાન તૈનાત કરાઈ છે. જ્યારે બહાર આઈટીબીપી, સીઆરપીએફ, હરિયાણા પોલીસનો કાફલો ખડકી દેવાયો છે. ખેડૂતોએ બે કીમી લાંબી વિશાળ રેલી પણ કાઢી હતી. ખેડૂતોની મુખ્ય માગણી છે કે ખેડૂતોના માથા ફોડી નાખવાના આદેશ આપનારા એસડીએમ આયુષ સિન્હા સામે કાર્યવાહી કરવામાં આવે સાથે લાઠીચાર્જ બદલ તેમની સામે તપાસ કરવામાં આવે. જોકે પ્રશાસને તેમની માગણીઓ ન સ્વિકારતા હવે સરકાર સાથે આરપારની લડાઈના મૂડમા આવી ગયેલા ખેડૂતોએ સચિવાયલને ઘેરી લીધુ છે. જેથી હાલ હરિયાણામાં તંગદીલી ભરી સ્થિતિ સર્જાઈ ગઈ છે.હરિયાણાના કર્નાલમાં ખેડૂતો પર બર્બર લાઠીચાર્જ કરવામાં આવ્યો હતો, જેમાં અનેક ખેડૂતોના માથા ફૂટયા હતા. આ ઘટના બાદ રોષે ભરાયેલા ખેડૂતોએ મંગળવારે વિશાળ રેલી કાઢી હતી જેમાં હજારો ખેડૂતો જોડાયા હતા, બાદમાં જિલ્લા સચિવાલયનો ઘેરાવ કર્યો હતો. આ દરમિયાન પણ પોલીસ સાથે ભારે ઘર્ષણ થયું હતું. ખેડૂતો પર વોટર કેનનનો મારો ચલાવવામાં આવ્યો હતો. ભારે ઘર્ષણ વચ્ચે ખેડૂતો બાદમાં કર્નાલ જિલ્લા સચિવાલયના ગેટ પર જ ધરણા કરવા બેસી ગયા હતા. આ વિરોધ પ્રદર્શનમાં ખેડૂત નેતા રાકેશ ટિકૈત પણ જોડાયા હતા, તેમણે કહ્યું હતું કે સરકાર નહીં માને તો અહીં શરૂ થયેલા ધરણા મોટુ સ્વરૂપ ધારણ કરશે. ૨૮મી ઓગસ્ટે ખેડૂતોએ ધરણા પ્રદર્શન કર્યા હતા, જે દરમિયાન કર્નાલના એસડીએમએ પોલીસને કહ્યું હતું કે ખેડૂતોના માથા ફોડી નાખજો, જેનો વીડિયો પણ સામે આવ્યો હતો. આ એસડીએમ સામે કાર્યવાહીની માગણી થઈ રહી હોવા છતા સરકાર દ્વારા કોઈ જ પગલા ન લેવામાં આવતા ખેડૂતો ફરી વિફર્યા છે અને રસ્તા પર ઉતર્યા હતા. હાલ મોટી સંખ્યામાં ખેડૂતો સચિવાલય બહાર ધરણા પર બેસી ગયા છે અને તેમના ભોજન માટે લંગર પણ શરૂ કરી દેવામાં આવ્યા છે. જેને પગલે હરિયાણામાં ખેડૂતો અને સરકાર બન્ને વચ્ચેનું ઘર્ષણ વધુ મોટુ સ્વરૂપ ધારણ કરી શકે છે. અહીંના નમસ્તે ચોક પાસે હજારોની સંખ્યામાં ખેડૂતો એકઠા થઈ ગયા છે અને સરકાર પર દબાણ વધારી રહ્યા છે. ખેડૂતો કૃષિ કાયદાના વિરોધમાં આંદોલન ચલાવી રહ્યા છે સાથે જ ટેકાના ભાવને કાયદેસર માન્યતા આપવાની માગણી કરી રહ્યા છે. જોકે હરિયાણા સરકાર કે સૃથાનિક ભાજપ નેતાઓ તેમની માગણીઓ સાથે સહમત ન થઈ રહ્યા હોવાથી હરિયાણામાં જ્યાં પણ ભાજપના કાર્યક્રમો યોજાય છે ત્યાં ખેડૂતો વિરોધ પ્રદર્શન માટે પહોંચી જાય છે. આવું જ ૨૮મી ઓગસ્ટે કર્નાલમાં મુખ્યમંત્રી મનોહર લાલ ખટ્ટરના કાર્યક્રમ દરમિયાન થયું હતું. જેમાં અનેક ખેડૂતોના માથા ફોડી નખાયા હતા. તેથી ખેડૂતોનો રોષ હવે વધી રહ્યો છે. વિરોધ પ્રદર્શનની આગેવાની લેનારા ખેડૂત નેતા રાકેશ ટિકૈતે કહ્યું હતું કે સરકાર અમારી માગણીઓ સ્વિકારે નહીં તો હરિયાણાની જેલો ખેડૂતોથી ભરી દઈશું, અમે ધરપકડથી નથી ડરતા, સરકાર અમારી ધરપકડ કરે નહીં તો માગણીઓ સ્વિકાર કરે. આ ધરણા પ્રદર્શનમા સામેલ થવા જઈ રહેલા કેટલાક ખેડૂતોની પોલીસ દ્વારા ધરપકડ કરાઈ હતી. જોકે મોટી સંખ્યામાં ખેડૂતો આવી જતા પોલીસે બાદમાં વોટર કેનનનો મારો ચલાવ્યો હતો.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ડી. આર. રાઠવા
મુ. દાતોલ, તા. ઘોઘંબા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

દાતોલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી
મુ. કાનપુર (નવાનગર), તા. ઘોઘંબા

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


## સંતરામપુરના મનકોડીયા ગામની આસપાસથી ગેરકાયદેસર પત્થરનું બેફામ ખનન રોકવામાં ખાણ-ખનિજ વિભાગ નિષ્ફળ

લુણાવાડા,

મહીસાગર જીલ્લાના સંતરામપુર તાલુકાના મનકોડીયા ગામની આસપાસ બેફામ પથ્થર ખનન થતું હોવાનું મોટા પાયે બૂમ ઉઠવા છતાં ખાણ અને ખનીજ વિભાગ આ સામે કાર્યવાહી કરવામાં પોતાની રહેમ નજર રાખી રહયા છે. જિલ્લામા ખનીજ ચોરી અટકે તે માટે જિલ્લા કલેક્ટર દ્વારા એક ટીમ બનાવીને આ સામે કડક કાર્યવાહી કરે તે હાલની પરિસ્થિતિને જોતા તે જરૂરી છે.



મહિસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના મંકોડિયા ગામ અને આસપાસના વિસ્તારમાં પાછલા કેટલાક સમયથી ગેરકાયદેસર રીતે પથ્થરો કાઢવામાં આવી રહ્યા હોવાની અનેક બૂમો ઉઠવા પામી છે. મોટા–પ્રમાણમાં પથ્થરો કાઢીને ટ્રક સહિતના મોટા વાહનોમાં હેરાફેરી થતી હોવા છતાં ખાણ ખનીજ વિભાગઆ સામે કાર્યવાહી કરતા ખચકાઈ રહયુ છે. દિવસ અને રાત્રી દરમ્યાન પણ આ વિસ્તારમાંથી બેરોકટોક અને ખાણ ખનીજ વિભાગના ડર વગર પથ્થરો કાઢવામાં આવી રહયા હોય ત્યારે ખાણ ખનીજ વિભાગના છૂપો આશીર્વાદ તો નથી કે શું? હાલ તો જે રીતે લીઝ ના હોવા છતાં ગ્રામીણ વિસ્તારમાંથી ખાણ ખનીજ વિભાગ નિયમોને નેવે મૂકીને ખનીજ ચોરી થતી હોય ત્યારે સરકારી તિજોરી ને નુકશાન પણ જતુ હોવા છંતા જવાબદાર તંત્ર આ સામે અસરકારક કાર્યવાહી કરવા માટે શુભ મુહૂર્ત ની રાહ દેખી રહયુ હોય તેમ લાગી રહયુ છે. ખનીજ ચોરી અટકાવવા માટે ખાણ ખનીજ વિભાગ સદંતર નિષ્ફળ નીવડી રહયુ હોય ત્યારે જિલ્લા કલેકટર દ્વારા એક અલગથી ટીમ બનાવીને ખનીજ ચોરી અટકે તે માટેની કાર્યવાહી કરવામ આવે તેમ જાગૃત નાગરીકો પણ ઈચ્છી રહ્યા છે. ખાણ ખનીજ વિભાગ દ્વારા ખનીજ ચોરી થતી અટકાવવ માટે અસરકારક કાર્યવાહી નહીં કરત ખનીજ ચોરોને ઘી કેળા થઇ ગયા છે. જ્યારે બીજી તરફ રોયલ્ટી પાસ વગર ખનિજ વહન થતું હોવાથી સરકારી તિજોરીને વર્ષે લાખો રૂપિયાનું નુકશાન જઈ રહયુ છે.

## મહીસાગર જિલ્લામાં ૮.૮૧ લાખ ઉપરાંતના નાગરિકોને કોરોના વિરોધી વેક્સીન આપી સુરક્ષા પ્રદાન કરાઇ

લુણાવાડા,

વૈશ્વિક મહામારી કોવીડ–૧૯ ના સંક્રમણ સામે આરોગ્ય સુરક્ષા કવચ આપતું કોરોના રસીકરણ મહાઅભિયાન મહીસાગર જિલ્લામાં પૂરજોશમાં ચાલી રહ્યું છે. જિલ્લા આરોગ્ય તંત્રે જિલ્લા કલેકટર ડૉ.મનીષકુમાર અને જિલ્લાશ વિકાસ અધિકારી કે.ડી.લાખાણી ના માર્ગદર્શન હેઠળ રસીકરણ અભિયાનને વેગવાન બનાવવા સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા ૧૮ થી ૪૪ વર્ષ વયના નાગરિકોને કોરોના રસી આપવાની કામગીરી હાલ કાર્યરત છે. ત્યારે જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા હાથ ધરાયેલ રસીકરણ ઝુંબેશ હેઠળ મહીસાગર જિલ્લામાં અત્યાર સુધી ૧૮ થી ૪૪ વર્ષ વયના તેમજ ૪૫ થી ૫૯ અને ૬૦ વર્ષથી વધુ ઉંમરના કુલ ૮,૮૧,૪૬૧ નાગરિકોએ કોરોના રસીકરણ કરાવી કોરોના સામે આરોગ્ય સુરક્ષા કવચ મેળવ્યું છે.



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

ત્યારે ૭મી સપ્ટેમ્બર–૨૦૨૧ સુધીમાં લુણાવાડા તાલુકામાં ૨,૨૯,૫૩૧, બાલાસિનોર તાલુકામાં ૧,૨૩,૭૪૯,સંતરામપુર તાલુકામાં ૨,૫૦,૯૨૩, ખાનપુર તાલુકામાં ૭૬,૫૪૭, કડાણા તાલુકામાં ૧,૧૮,૯૩૨ અને વિરપુર તાલુકામાં ૮૧,૭૭૯ મળી જિલ્લા ના કુલ ૮,૮૧,૪૬૧ જેટલા ૧૮ થી ૪૪ વર્ષ વયના તેમજ ૪૫ થી ૫૯ અને ૬૦ વર્ષથી વધુ ઉંમરના શહેરી અને ગ્રામ્યા વિસ્તા,રોના નાગરિકો દ્વારા કોરોના વેક્સીનેશન કરાવ્યું છે. જેમા ૧૮ થી ૪૪ વર્ષ વયના ૩,૨૦,૩૮૨ નાગરિકોને કોરોના વિરોધી વેક્સીન આપી સુરક્ષિત કરાયા છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૪૫ થી ૫૯ વર્ષના અને ૬૦ થી વધુ ઉંમરના તેમજ ૧૮ થી ૪૪ વર્ષ વયના ૬,૦૨,૩૮૧ નાગરિકોને કોરોના રસીનો પ્રથમ તેમજ ૨,૭૯,૦૮૦ નાગરિકોને રસીનો બીજો ડોઝ આપવામાં આવ્યો છે.

જિલ્લા કલેકટર ડૉ.મનીષકુમારએ જણાવ્યું કે સાથે સાથે વેકસીન લીધા પછી પણ કાળજી એટલી જ રાખવાની છે જેમ કે, માસ્ક પહેરવું, સોશિયલ ડિસ્ટન્સ રાખવું અને જાહેર ભીડવાળી જગ્યા ઉપર જવું નહીં, સેનીટાઇઝ કરવું, જયાં–ત્યાં થુંકવુ નહીં અને ખૂબજ કાળજી રાખી આ રોગની ગંભીરતાને સમજી આપણે બધા સાથે મળી રોગને નિયંત્રણમાં લાવવા તમામ સહયોગ કરશે તેવી આશા વ્યકત કરી હતી.

## મહીસાગર જિલ્લામાં પોષણ જાગૃતિ અને પ્રોત્સાહન કાર્યક્રમો દ્વારા પોષણ માસની ઉજવણી

લુણાવાડા,

પોષણ અને પોષક આહારની જાગૃતિ કેળવીને કુપોષણના નિવારણનું સકારાત્મક વાતાવરણ તૈયાર કરવા અને ખાસ કરીને બાળકો,કિશોરીઓ, સગર્ભાઓ અને ધાત્રી માતાઓ ને કેન્દ્રમાં રાખીને દર વર્ષે સપ્ટેમ્બરની પોષણ માસ તરીકે ઉજવણી કરવામાં આવે છે. તે સંદર્ભે મહીસાગર જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણીના માર્ગદર્શન હેઠળ જિલ્લા આઇ.સી.ડી.એસ.વિભાગ દ્વારા સપ્ટેમ્બર માસને પોષણમાહ તરીકે ઉજવવામાં આવી રહ્યો છે.



તે અંતર્ગત હેઠળ જિલ્લા આઇ.સી.ડી.એસ.વિભાગ દ્વારા જિલ્લામાં વિવિધ થીમ જેવી કે થીમ–૧ પોષણ વાટિકા તરીકે વાવેતર પ્રવૃતિ, થીમ–૨ પોષણ માટે યોગ અને આયુષ, થીમ–૩ જિલ્લાની આંગણવાડીના લાભાર્થીઓમાં પ્રાદેશિક પોષણ કીટ નું વિતરણ અને થીમ–૪ એસ.એ.એમ. બાળકોની ઓળખ અને પૌષ્ટિક આહાર વિતરણનું આયોજન કરી પોષણ માસ તરીકે ઉજવણી કરવામાં આવી રહી છે. તે અનુસાર થીમ–૨ પોષણ માટે યોગ અને આયુષ હેઠળ જિલ્લા પંચાયત ભવનના હોલમાં આજ રોજ ઈ. ચાર્જ પોગ્રામ ઓફિસર ચંદ્રિકાબેન ભાભોરના માર્ગદર્શનમાં યોગનો કાર્યક્રમ યોજાયો હતો. તેમાં આરોગ્ય વિભાગ, આઇ.સી.ડી.એસ.વિભાગ, શિક્ષણ વિભાગ, ગ્રામ વિકાસ વિભાગ, રમત ગમત, શ્રમ અને રોજગાર વિભાગ તેમજ અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ જોડાઇ ને વધુ સારા પોષણ માટે આયુષ પ્રથાઓ વિશે જાગૃતિ અભિયાન– અગઈ પર ધ્યાન કેન્દ્રિત કરવા અને ગર્ભાવસ્થા અને સ્તનપાન દરમ્યાન યોગા સત્રો (કોવિડ માર્ગદર્શિકાઓ ધ્યાનમાં લેતા) ચોક્કસ જૂથો જેવા કે ગર્ભાવસ્થા, શાળાના બાળકો, કિશોરીઓ, સરકારના કર્મચારીઓ માટે વિવિધ કાર્યસ્થળો પર ૫–મિનિટ યોગ પ્રોટોકોલ (વાય–બ્રેક અથવા યોગ વિરામ) પર સત્રો અને મહિલાઓ અને બાળકો માટે મફત ટૂંકા ગાળાના ઓનલાઇન યોગ અભ્યાસક્રમો, ગર્ભાવસ્થામાં એનિમિયા માટે આયુષ આંગણવાડી કાર્યકરો માટે તાલીમ રેસીપી સ્પર્ધા–સગર્ભા સ્ત્રીઓ માટે પૌષ્ટિક ખોરાક જેવા વિષયો પર જાગૃતિ માટે કાર્યક્રમ થકી માર્ગદર્શન આપશે.

## મહીસાગર જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતીની બેઠક યોજાઇ

લુણાવાડા,

મહીસાગર જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક જિલ્લા પુરવઠા અધિકારી આર.બી.અસારીની અધ્યક્ષતામાં જિલ્લા કલેક્ટર કચેરી ખાતે યોજાઇ હતી. બેઠકમાં વ્યાજબી ભાવની દુકાનો સ્થળફેર કરવા અંગે આવેલ અરજીઓની સમીક્ષા,ઓગષ્ટ–૨૧ અંતિત રેશન કાર્ડની વિગતો અને જિલ્લામાં ઓગષ્ટ–૨૦૨૧ માસમાં રેગ્યુલર તથા પી.એમ.જી.કે.એ.વાય વિતરણ અંગેની વિતરણ વ્યવસ્થા અંગે ચર્ચા–સમીક્ષા કરવામાં આવી હતી.



આ બેઠકમાં જિલ્લા પુરવઠા અધિકારી અસારીએ જણાવ્યું હતું કે, ઓગષ્ટ માસમાં ઓનલાઇન અને ઓફલાઇન મળી ૯૫.૯૫ ટકા જથ્થો વિતરણ કરવામાં આવ્યો છે.

બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન, લુણાવાડા નગરપાલિકા પ્રમુખ બ્રિન્દાબેન શુક્લ,કરીયાણા એશોસીએશન પ્રમુખ મુળજીભાઇ રાણા, વ્યાજબી ભાવની દુકાનના પ્રતિનિધિ ઇન્દ્રસિંહ સોલંકી સહિત સમિતીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## મહીસાગર જિલ્લાના ચાર તાલુકામાં કોરોના રસીકરણ માટે ૩૦ રાત્રી સેશનનું આયોજન

લુણાવાડા,

મહીસાગર જિલ્લામાં વૈશ્વિક મહામારી કોવીડ–૧૯ ના સંક્રમણ સામે આરોગ્ય સુરક્ષા કવચ આપતું કોરોના રસીકરણ અભિયાનમાં નવતર અભિગમ અપનાવી જિલ્લા આરોગ્ય તંત્રે જિલ્લા કલેકટર ડૉ.મનીષકુમાર અને જિલ્લાક વિકાસ અધિકારી કે.ડી.લાખાણી ના માર્ગદર્શન હેઠળ રસીકરણ અભિયાનને વેગવાન બનાવવા સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. તે અંતર્ગત કોવિડ રસીકરણની કામગીરી ગતિશીલ રીતે ચાલી રહી છે. ત્યારે ગામે ગામ કોરોના રસીકરણ કરવા માટે લોકોના અનુકુળ સમયે અને રાત્રી સેશન કરીને પણ આરોગ્ય તંત્ર દ્વારા જિલ્લાનો એક પણ નાગરિક કોરોનાની રસીથી વંચિત ન રહી જાય તે માટે કટિબદ્ધતા સાથે કાર્ય કરવામાં આવી રહ્યું છે.

રાત્રી સેશન અંગેની માહિતી આપતા જિલ્લા આરોગ્ય અધિકારી એસ.બી.શાહે જણાવ્યું હતુ કે જિલ્લાના બાલાશિનોર, ખાનપુર, લુણાવાડા અને વિરપુર તેમ ચાર તાલુકામાં કોરોના રસીકરણ અભિયાનમાં નવતર અભિગમ અપનાવી રાત્રી સેશનનું ૬ઠી અને ૭મી સપ્ટેમ્બર ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાલાશિનોર તાલુકામાં ૧૧ સેશન, ખાનપુર તાલુકામાં ૦૮ સેશન, લુણાવાડા તાલુકામાં ૦૬ સેશન અને વિરપુર તાલુકામાં ૦૬ સેશન મળી કોરોના રસીકરણ કુલ ૩૦ રાત્રી સેશન કરવામાં આવ્યા છે. જેમા ૪૫ થી ૫૯ વર્ષના અને ૬૦ થી વધુ ઉંમરના તેમજ ૧૮ થી ૪૪ વર્ષ વયના ૯૭૭ નાગરિકોને કોરોના રસીનો પ્રથમ તેમજ ૪૦૪ નાગરિકોને રસીનો બીજો ડોઝ આપવામાં આવ્યો હતો. તેમજ તમામ આરોગ્ય કેન્દ્ર અને અર્બન સેન્ટ્રલ હેઠળના લોકોને વધુ ને વધુ આવરી લેવા માટે સુદ્રઢ આયોજન હાથ ધર્યુ છે.

હજુ પણ જે લોકો રસીકરણમાં બાકી છે તે ઝડપથી રસીકરણનો લાભ લે અને ત્રીજી લહેરથી સુસજ્જ બને તે માટે જિલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## લુણાવાડાના રામ પટેલના મુવાડા ગામે મોબાઈલ ટાવર ઉભો કરાતા ગ્રામજનોમાં રોષ

લુણાવાડા,

લુણાવાડા તાલુકાના રામ પટેલના મુવાડા ગામની અંદર જમીન માલિક જયંતિભાઈ વિરભાઈ પટેલ દ્વારા પોતાની માલિકીની જગ્યા ભાડા પેટે મોબાઈલ કંપનીનો ટાવર નાંખવા માટે આપેલ છે ત્યારે તે ટાવર અંગેની મંજુરી ગ્રામ પંચાયત દ્વારા આપવામાં આવેલી ન હોવા છતાં પણ તે જગ્યાએ ટાવર ઉભો થઈ રહ્યો છે. આ ટાવર ગામની અંદર ચાલુ થવાથી ગામમાં રહેતા પરિવારોને નુકસાન થઈ શકે છે. ત્યારે આ મોબાઈલ ટાવર ઘરની ૫૦૦મીટર ત્રિજ્યામાં હોવાને કારણે કેટલીય ગંભીર સમસ્યાઓ થઈ શકે છે તેમાંથી નીકળતા રેડીએશનોના કારણે માથું દુખવુ, શરીરનો દુખાવો, બ્રેનટ્યુમર, અલજાઈમર, પેરાલિસીસ, તેમજ કેન્સર જેવી બિમારીઓ થઈ શકે છે. ત્યારે આ ટાવર મુદ્દે ગ્રામજનોનો વિરોધ હોવા છતાં પણ મોબાઈલ ટાવર કેવી રીતે ઉભો થઈ રહ્યો છે ત્યારે આ બાબતે ગ્રામપંચાયતમાંથી કોઈપણ પ્રકારની મંજુરી ન હોવા છતાં પણ આ ટાવર કઈ રીતે ગામમાં નંખાઈ રહ્યો છે તેવા સવાલો ઉભા થવા પામ્યા છે.

## કુમાર આર્ટ્સ ફાઉન્ડેશન ગોધરા દ્વારા સાહિત્ય ક્ષેત્રના વિવિધ એવોર્ડ અપાશે

ગોધરા,

કુમાર આર્ટ્સ ફાઉન્ડેશન ગોધરા ગુજરાત દ્વારા છેલ્લા ત્રણ વર્ષથી જે વિવિધ સાહિત્ય સ્વરૂપોના પુસ્તકોમાંથી શ્રેષ્ઠ પુસ્તકોને એવોર્ડ આપવામાં આવે છે. તદ્દનુસાર ૨૦૨૦ ના વર્ષમાં ગુજરાતી સાહિત્યના વિવિધ સ્વરૂપોમાં પ્રગટ થયેલા શ્રેષ્ઠ પુસ્તકોને તેની ગુણવત્તા પ્રમાણે એવોર્ડ આપવામાં આવશે. જેમાં કવિતાઃ ડો.રણજીત પટેલ 'અનામી'એવોર્ડ, ગીત ગઝલઃ ડો.ચીનુ મોદી એવોર્ડ, ટૂંકીવાર્તાઃ રમણલાલ વસંતલાલ દેસાઈ એવોર્ડ, નવલકથાઃ 'દર્શક' એવોર્ડ, પ્રવાસ નિબંધઃ ડો.ભોળાભાઈ પટેલ એવોર્ડ, આત્મકથાઃ જીવન ચરિત્ર કિશનસિંહ ચાવડા એવોર્ડ, નાટક–એકાંકીઃ ચંદ્રવદન ચી મહેતા એવોર્ડ, વિવેચનઃ ડો.સુરેશ જોશી એવોર્ડ, સંશોધનઃ ડો.ભોગીલાલ સાંડેસરા એવોર્ડ, હાસ્ય વ્યગ્યઃ બકુલ ત્રિપાઠી એવોર્ડ, બાળ સાહિત્યઃ રમણલાલ નાનાલાલ શાહ એવોર્ડ, લોકસાહિત્યઃ પુષ્કર ચંદરવાકર એવોર્ડ અને લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડઃ શિક્ષણ અને સાહિત્ય ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન માટે આપવામાં આવશે. આ માટે લેખકો અને પ્રકાશકો એ જે તે સ્વરૂપમાં પ્રકાશિત થયેલા પુસ્તક ની એક નકલ જે વિભાગ માટે મોકલ્યું હોય તેના નામ નિર્દેશ સાથે તારીખ. ૧૫–૧૧–૨૦૨૧ સુધીમાં કુમાર આર્ટ્સ ફાઉન્ડેશન, ૧૪, સમ્રાટનગર, બામરોલી રોડ, ગોધરા ૩૮૯૦૦૧ (જી.પંચમહાલ) ના સરનામે મોકલવા વિનંતી છે. સમય મર્યાદા કરતા મોડી આવેલ કૃતિઓ સ્વીકારવામાં આવશે નહીં. એવોડ્ર અંગે નિર્ણાયકોનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે. એવોર્ડમાં શિલ્ડ, ચંદ્રક અને પ્રતીકરૂપ રોકડ પુરસ્કાર સામેલ રહેશે.



સરકારી પોલીટેકનિક ગોધરા દ્વારા આઝાદીના અમૃત મહોત્સવના સ્વરછતા પખવાડિયા નિમિત્તે કેમ્પસમાં સ્વરછતા અને સ્વરછતા માટે શપથ લેવડાવવામાં આવી. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા. આ સમગ્ર કાર્યકમનું આયોજન સરકારી પોલીટેકનિક ગોધરાના પ્રિન્સિપાલ એચ. એમ. પટેલ અને NSS ના પ્રોગ્રામ ઓફિસર જયદીપ ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું.

## પંચમહાલ જીલ્લાના ઘોઘંબા તાલુકામાં આમ આદમી પાર્ટીની મીટીંગ ખીલોડી ગામમાં યોજાઈ

ઘોઘંબા,

જેમાં પાચાસ જેટલા ગામમા ખેડુત આગેવાનો આમ આદમી પાર્ટીમાં જોડાયા આ મીટીંગ યુથવીંગના કાર્યકરો દ્વારા આયોજન કરવામાં આવ્યું. તેમા આ મીટીંગમાં મધ્ય ઉત્તર ઝોન યુવા પ્રમુખ ભરત રાઠવા તેમજ તાલુકા પ્રમુખ અર્જુનસિંહ બારીઆ, જીલ્લા સહ સંગઠન મંત્રી મંગલસિહ પટેલીયા તેમજ જીલ્લા બક્ષીપંચ મહામંત્રી અરવિંદસિહ બારીઆ તાલુકા ઉપપ્રમુખ જગદીશ પરમાર, તાલુકા સહ સંગઠન મંત્રી દિનેશભાઈ, તાલુકા કીસાન સમિતી માંથી ગજેન્દ્રભાઈ ચૌહાણ, તાલુકા યુવા ઉપ પ્રમુખ કમલેશ ભાઈ બારીઆ, સીમલીયા થી દાદા ઉપસ્થિત રહ્યા અને ગુજરાતના લોકોની પરીસ્થીતી ખુબ ખરાબ બની રહી છે. તે બાબતે આમ આદમી પાર્ટી સંગઠન મજબૂત બને અને ૨૦૨૨માં ગુજરાતમાં આમ આદમી પાર્ટીની સરકાર બને તે માટે સંગઠન મજબૂત હોવુ જરૂરી છે. તેના માટે ગામે ગામ સદસ્યતા જોડો અભિયાન ચાલી રહ્યું છે અને લોકો ઉત્સાહ થી આપમાં જોડાઇ રહ્યા છે.

## ગોધરાના પોપટપુરા ખાતે પર્યાવરણ પ્રયોગ શાળા વર્કશોપનો શુભારંભ



તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

ગોધરા,

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પંચમહાલ ગોધરા દ્વારા ગોધરા તાલુકાના પોપટપુરા પ્રાથમિક શાળા ખાતે જિલ્લા કક્ષાનો પર્યાવરણ પ્રયોગ શાળા વર્કશોપ યોજવામાં આવ્યો છે. બે દિવસીય પર્યાવરણ પ્રયોગશાળા વર્કશોપનું સંચાલન પંચમહાલ ડાયટના લેકચરર ઉમેષભાઈ ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું છે. પ્રાથમિક શાળા ગ્રીન શાળા બને અને કંપાઉન્ડમાં જ તમામ પ્રકારનું ઔષધીય, રસોડાનું, ફૂલોનું, ફળોનું,પ્રદૂષણ વિશેનું અને વિવિધ વૃક્ષોનું તેમજ વિવિધ પ્રકારનાં છોડ અને ખેતીને લગતું જ્ઞાન અને બેઝિક અનુભવો વિદ્યાર્થીઓને મળી રહે તેવા ઉમદા હેતુથી આયોજન અને અમલીકરણ માટે આ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. તજજ્ઞ તરીકે ઘોઘંબાની ગલીબેલી પ્રાથમિક શાળાના આ વિશેના સ્પેશ્યાલિસ્ટ શિક્ષક નીતિનભાઈ થોરાટ અને અખમ ફળિયા પ્રાથમિક શાળાના શિક્ષક ચિરાગકુમાર પટેલ દ્વારા છોડનું બીજ,ધરૂ, કલમ, પ્લાન્ટ તથા તેની માવજત વિશે ખૂબ રસપ્રદ રીતે પ્રક્ટિકલી તાલીમ આપી હતી. આ પ્રસંગે પંચમહાલ ડાયટના સીનિયર લેક્ચરર પ્રો ઉમેષભાઈ ચૌહાણે શાળામાં આ પ્રોજેક્ટ હેઠળ શાળાને પર્યાવરણમયી બનાવી નવી શિક્ષણ નીતિ મુજબ વિષયોનું શિક્ષણ શાળાના પર્યાવરણ માંથી જ મળી રહે તે વિશે સુંદર માર્ગદર્શન આપ્યું હતું. પોપટપુરા શાળાના આચાર્ય સહિત શાળાના શિક્ષક મિનેષકુમાર રાણાએ પોતાની શાળામાં કરેલ પર્યાવરણ અંગેના વિવિધ કાર્યો અને પ્લાન્ટ વિશે વાત રજુ કરી હતી. તાલીમમાં જીલ્લાના તમામ તાલુકામાંથી નોડેલ શિક્ષકો અને આચાર્યોએ ભાગ લીધો છે.

## શહેરા શારદા મંદિર સ્કુલમાં શિક્ષક દિન નિમિતે સ્વસાશન દિન ઉજવાયો



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા શારદા મંદિર હાઈસ્કૂલમાં શિક્ષકદિન નિમિતે સ્વશાસન દિનની ઉજવણી કરવામાં આવી હતી. શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ એક દિવસ માટે શિક્ષક બની ભણાવવાની ખુશી વ્યકત કરી હતી. સમગ્ર દિવસ દરમિયાન વિદ્યાર્થીઓએ શાળાનું સંચાલન કર્યું હતું.

શહેરા શારદા મંદિર હાઈસ્કુલ મા ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણના જન્મદિવસને શિક્ષક દિન તરીકે ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈને શિક્ષક બનેલ વિદ્યાર્થીઓ શિક્ષકની જેમ જ તૈયાર થઈને શાળામાં આવ્યા હતા. એક દિવસ માટે શિક્ષક બનેલ વિદ્યાર્થીઓએ સાથે ભણતા વિદ્યાર્થીઓને શિક્ષણ આપ્યુ હતું. વિદ્યાર્થીઓએ એક દિવસ માટે શિક્ષક બની ભણાવવાની ખુશી વ્યક્ત કરી હતી. દિવસ દરમિયાન શાળાનું સંચાલન વિદ્યાર્થીઓએ કર્યું હતુ.

## ગરબાડાના દેવધા ગામે ખેતરમાં કામ કરી રહેલ મહિલાને કાળોતરો કરડતા મોત

ગરબાડા,

પોતાના ખેતરમાં કામ કરી રહેલ દેવધા ગામના સીમાડા ફળીયાના ૨૫ વર્ષીય મહિલાને પગે કાળોતરો કરડી જતા સારવાર દરમ્યાન તેનું મોત નિપજ્યાનું જાણવા મળ્યું છે. પ્રાપ્ત વિગત અનુસાર ગરબાડા તાલુકાના દેવધા ગામના સીમાડા ફળીયામાં રહેતા ૨૫ વર્ષીય ધનાબેન પ્રવીણભાઈ સમસુભાઈ દેહધા ગત તા.૨૯.૮.૨૦૨૧ના રોજ સાંજના છ વાગ્યાના સુમારે પોતાના ખેતરમાં કામ કરી રહી હતી. તે વખતે કાળોતરો તેણીના પગે કરડી જતા જોતજોતામાં કાળોતરાનું કાતીલ ઝેર આખા શરીરમાં પ્રસરી જતા તેને સારવાર માટે દાહોદની ઝાયડસ હોસ્પીટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં સારવાર દરમ્યાન બપોરના બે વાગ્યાના સુમારે મોત નિપજ્યું હતુ. આ સંબંધે મૃતક ધનાબેન દેહધાના પતિ પ્રવીણભાઈ સમસુભાઈ દેહદાએ ગરબાડા પોલીસ મથકે જાણ કરતા પોલીસે અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ગોધરા કુબા મસ્જીદ સામે નદી કિનારે વરલી મટકાનો જુગાર રમતા ૭ ઈસમોને ૯૩ હજાર સાથે ઝડપ્યા

ગોધરા,

ગોધરા શહેર કુબા મસ્જીદની સામે નદી કિનારે જાહેરમાં ખુલ્લી જગ્યામાં વરલી મટકાના જુગાર રમી ને રમાડતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી. સાત ઈસમોને ૯૩,૪૭૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા શહેર કુબા મસ્જીદની સામે નદી કિનારે ખુલ્લી જગ્યામાં વરલી મટકાના જુગાર રમી રમાડી રહ્યા છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન સમીર નજીરભાઈ ભટીયારા, યુસુફ મહંમદભાઈ પઠાણ, રસીદભાઈ કમરૂભાઈ શેખ, અમીરુદ્દીન મયુદ્દીન કાજી, રંગીતભાઈ ભોટુભાઈ પટેલ, ગુલાબ મુસ્તુફા યુસુફ મિસ્ત્રી, મીઠાલાલ રામલાલ ચૌધરીને ઝડપી પાડયા હતા. ઝડપાયેલા ઈસમોની અંગઝડપી દાવ ઉપર મુકેલ ૮૫,૮૨૦/–રૂપીયા મોબાઈલ ફોન નંગ–૬ ૭૫૦/– રૂપીયા મળી કુલ ૯૩,૪૭૦/–રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે જુગારધારા હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

## કાલોલના અલવા ગામે વોડાફોન ટાવર માંથી બેટરી સેલની ચોરી

કાલોલ,

કાલોલ તાલુકાના અલગા ગામે આવેલ વોડાફોન ટાવર ની ૨૧ બેટરી સેલ કિંમત ૬૦ હજારની ચોરી કોઈ અજાણ્યા ચોર ઈસમ કરી જતાં ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ તાલુકાના અલવા ગામે આવેલ વોડાફોન ટાવર માંથી કોઈ અજાણ્યા ચોર ઈસમો એ રાત્રીના સમયે ૨૧ નંગ વપરાયેલી બેટરી સેલ કિંમત ૬૦,૦૦૦/–રૂપીયાની ચોરી કરી જતાં આ બાબતે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે અજાણ્યા ચોર ઈસમો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવા પામી છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

## દાહોદ જિલ્લાના મુખ્ય મથક એવા દાહોદ શહેરમાં આવેલ

# ચર્ચ કાઉન્સીલ ઈન્ડિયન કેનેડિયન પ્રેસબિટેરિયન મિશન કાઉન્સીલની માલિકીની જમીન ભુમાફિયાઓ દ્વારા પચાવવાની કોશિષ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
દાહોદ જિલ્લાના મુખ્ય મથક એવા દાહોદ શહેરમાં ચર્ચ કાઉન્સીલ ઈન્ડિયન કેનેડિયન પ્રેસબિટેરિયન મિશન કાઉન્સીલના વહીવટકર્તા દ્વારા પોતાના વકીલ મારફતે દાહોદ શહેરમાં આવેલ પોતાની કાઉન્સીલની જમીન સંદર્ભે જાહેર ચેતવણી આપવામાં આવી છે. જેમાં જણાવ્યાં અનુસાર, સદર મિલ્કત ઉપર કેટલાંક અસામાજીક ભુમાફિયાઓ દ્વારા આજ નામની ખોટી સંસ્થા ઉભી કરી તેમજ રેવન્યુંના ખોટા હુકમો જે તે સમયે મેળવી જમીનો પચાવી પાડવાની કોશીષ કરેલ હોઈ જે મામલે દાહોદના કલેકટરને લેન્ડ ગ્રેબીંગ મુજબ ફરિયાદ પણ કરેલ હોવાનું જાણવા મળી રહ્યું છે. ત્યારે જાહેર ચેતવણી આપી જમીનોમાં અસીલની સંમતિ સિવાય આ મલિક્ત કોઈ વેચાણ, ગીરો બક્ષીસ કે ઈતર રીતે રાખવી નહીં જેવી જાહેર ચેતવણીથી આમ જનતાને જાહેર કરતાં દાહોદ શહેર સહિત જિલ્લામાં ભુમાફિયાઓમાં ચકચાર મચી જવા પામી છે.

ચર્ચ કાઉન્સીલ બોર્ડ ઈન્ડિયન કેનેડિયન પ્રેસબિટેરિયન મિશન કાઉન્સીલના હાલના વહીવટકર્તા સુધીરસિંગની સુચના અને ફરમાશથી તેઓના વકીલ જીતેન્દ્ર એસ.વ્યાસના માધ્યમથી જાહેર જનતાને જણાવ્યું હતું કે, દાહોદના સર્વે નં.૧૫,૧૬ તથા ૧૯ એ કે જેનું કુલ ક્ષેત્રફળ ૨૨.૨૦ એકડ છે જે પૈકી એમાંથી ૬.૩૫ એકડ કે, જેના સીટી સર્વે નંબરો પૈકી ૬૯૯૪, ૬૫૩૭, ૬૫૪૮, ૬૫૪૯, ૬૫૫૦, ૬૫૫૧, ૬૫૫૨, ૬૫૫૯, ૬૫૬૦, ૬૫૬૧, ૬૫૬૨, ૬૫૬૩, ૬૫૬૪, ૬૫૬૫, ૬૫૬૬, ૬૫૬૮, ૬૫૭૧, ૬૫૭૨, ૬૫૭૩, ૬૫૭૪, ૬૫૭૭, ૬૫૭૮, ૬૫૭૯, ૬૫૮૦, ૬૫૮૨, ૬૫૮૩, ૬૫૮૭, ૬૫૮૮, ૬૫૮૯, ૬૫૯૦, ૬૫૯૨, ૬૬૦૫, ૬૮૧૬ પડેલ છે. સદર મિલ્કત ચર્ચા કાઉન્સીલ બોર્ડ ઈન્ડિયન કેનેડિયન પ્રેસબિટેરિયન મિશન કાઉન્સીલ બોર્ડની આ મિલકત છે જેના દસ્તાવેજ ચર્ચા કાઉન્સીલ બોર્ડ ઈન્ડિયન કેનેડિયન પ્રેસબિટેરિયન મિશન કાઉન્સીલ દ્વારા તા.૨૬ ઓગષ્ટ ૧૯૩૮ના રોજ આઈરીસ પ્રેસબિટેરીયનના નામે તે સમયે કરવામાં આવેલ હતી. જેથી સદર મિલકત ચર્ચ કાઉન્સીલ બોર્ડ ઈન્ડિયન કેનેડિયન પ્રેસબિટેરીયન મિશનની સ્વતંત્ર માલિકીની મિલકત છે. જે સદર મિલકત ઉપર કેટલાંક અસામાજીક ભુમાફિયાઓ દ્વારા આજ નામથી ખોટી સંસ્થા ઉભી કરી તેમજ રેવન્યુંના ખોટા હુકમો જે તે સમયે મેળવી આ જમીન પચાવી પાડવાની કોશીશ કરેલ છે. જે સદર બાબતને ધ્યાનમાં લઈ ચર્ચ કાઉન્સીલ બોર્ડ ઈન્ડિયન કેનેડિયન પ્રેસબિટેરિયન મિશન ચર્ચ કાઉન્સીલ બોર્ડ દ્વારા તેમના વહીવટકર્તા સુધીરસિંગ હસ્તે દાહોદના કલેક્ટર સમક્ષ લેન્ડ ગ્રેબિગ મુજબ ફરિયાદ કરેલ હોવાનું પણ જાણવા મળી રહ્યું છે તથા વેચાણ ઉપર સ્ટે માંગેલ છે. જે સદર ફરીયાદનો નં. ૪૧૮૦૪૨૧૦૦૦૨૪૮૧ છે. તા.૦૭.૦૭.૨૦૨૧ના રોજ દાખલ કરેલ છે. આમ સદર મિલકત ચર્ચ કાઉન્સીલ બોર્ડ ઈન્ડિયન કેનેડિયન પ્રેસબિટેરિયન મિશન કાઉન્સીલના હાલના વહીવટકર્તા સુધીરસિંગની કાયદેસરની માલિકીની છે તેઓની લેખિત સંમતિ સિવાય આ મિલકત કોઈ વેચાણ, ગીરો, બક્ષીસ કે ઈતર રીતે રાખવી નહીં જેવી જાહેર ચેતવણીથી આમ જનતાને જાહેર કરવામાં આવેલ છે.

## દાહોદ જીલ્લામાં મેઘરાજા એ સાર્વત્રિક મેઘમહેર કરતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી

દાહોદ,
દાહોદ શહેર સહિત તાલુકામાં ફરી લાંબા વિરામ બાદ મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રીના પગલે સર્વત્ર વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી વીજળીના કડાકા ધડાકા સાથે ફરીવાર દાહોદ શહેર સહિત તાલુકામાં વરસાદ વરસ્યો હતો.

આખા શ્રાવણ માસ દરમિયાન માત્ર એક થી દોઢ ઈંચ જેટલો જ વરસાદ પડચો હતો અને શ્રાવણ માસ પુર્ણ થયા બાદ ભાદરવો શરૂ થયો છે ત્યારે ભાદરવાના બીજા દિવસે જ દાહોદ શહેર તેમજ તાલુકામાં આજરોજ બપોરના એક દોઢ વાગ્યાના આસપાસ વાદળછાયા વાતાવરણ વચ્ચે વીજળીના કડાકા ધડાકાની સાથે મેઘરાજા મન મૂકીને વરસ્યા હતા છેલ્લા ઘણા સમયથી વરસાદ વિલંબ સાથે પડી રહ્યો છે અને જેને પગલે ધરતીપુત્રોમાં પણ ચિંતાનો માહોલ સર્જાવા પામ્યો છે પરંતુ વચ્ચે વચ્ચે વરસાદ વરસતા ધરતીપુત્રો અને રાહત પણ મળી છે આજરોજ ના વરસાદના પગલે ભાદરવો ભરપૂર રહેવાની આશા સેવાઈ રહી છે. ત્યારે આજના વરસાદના પગલે દાહોદ તાલુકાના ખેડૂત મિત્રો માં આનંદની લાગણી વ્યાપી જવા પામી હતી. ત્યારે છેલ્લા ઘણા સમયથી દાહોદ શહેર સહિત તાલુકા વાસીઓ અસહ્ય ગરમી અને બફારાથી ત્રાહિમામ પોકારી ઉઠયાં હતા. ત્યારે આજના વરસાદના પગલે મહદંશે ગરમી તેમજ બફારાથી લોકોને રાહત મળી હતી.

**ચાર વાગ્યા સુધીના વરસાદ આંકડા**

| | |
|---|---|
| ગરબાડા | ૦૦ મીમી |
| ઝાલોદ | ૦૦ મીમી |
| દેવગઢ બારીઆ | ૦૨ મીમી |
| દાહોદ | ૦૦ મીમી |
| ધાનપુર | ૦૦ મીમી |
| ફતેપુરા | ૦૦ મીમી |
| લીમખેડા | ૦૦ મીમી |
| સંડેલી | ૨૦ મીમી |
| સીંગવડ | ૦૨ મીમી |
| કુલ | ૨૪ મીમી |

## સંજેલી તાલુકાના ગોવિંદતળાઈ સ્ટેટ મોનિટરીંગે રેડ કરી બે સ્થળેથી ૪ લાખનો દારૂ ઝડપ્યો

દાહોદ,
ગાંધીનગરની સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાના ગોવિંદતળાઈ ગામે તારીખ ૨૭મી ઓગષ્ટના રોજ એક મકાન અને એક દુકાનમાં મળેલ બાતમીના આધારે ઓંચિતી રેડ પાડતાં બંન્ને જગ્યાએથી કુલ રૂા.૪,૦૦,૦૨૭નો પ્રોહી જથ્થો અને મુદ્દામાલ કબજે કર્યો હતો આ બનાવના પડઘા ઉચ્ચ પોલીસ કક્ષાએ પહોંચતાં ગુજરાતના ડીજી દ્વારા સંજેલી પોલીસ મથકના પીએસઆઈને સસ્પેન્ડ કરાતાં દાહોદ જિલ્લા પોલીસ બેડામાં ખળભળાટ સાથે ચકચાર મચી જવા પામ્યો છે.

ગાંધીનગરની સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમને મળેલ બાતમીના આધારે દાહોદ જિલ્લાના સંજેલી તાલુકામાં આવેલ ગોવિંદતળાઈ ગામે બે મકાનોમાં ઓચિંતી પ્રોહી રેડ કરી હતી. ગોવિંદતળાઈ ગામે રામદેવ મંદિર ખાતે રહેતો રોનકકુમાર ઉર્ફે રવિ વિરસીંગભાઈ નારસીંગભાઈ બારીયાની પતરાવાળી સેડવાળી દુકાન અને મકાનમાં ઓચિંતી રેડ કરતાં પોલીસે રોનકકુમાર ઉર્ફે રવિ વિરસીંગભાઈ નારસીંગભાઈ બારીયા અને કાયદાના સંઘર્ષમાં આવેલ એક બાળ કિશોરની અટકાયત કરી હતી જ્યારે વોન્ટેડ એવા દેવેન્દ્ર પરસોત્તમભાઈ કલાલ (રહે. લીમડી, ઝાલોદ રોડ, તા.ઝાલોદ, જિ. દાહોદ) વિરૂધ્ધ પણ પ્રોહીનો ગુનો દાખલ કર્યો હતો. ગાંધીનગરની સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે દુકાન અને મકાનની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂ અને બીયરની કુલ ૩૩૭૦ બોટલો કિંમત રૂા.૩,૫૫,૪૩૭, ઝડપાયેલ ઈસમોની અંગ ઝડતીમાંથી રોકડા રૂપીયા ૬,૫૯૦, બે મોબાઈલ ફોન કિંમત રૂા.૩,૦૦૦ અને એક વાહન કિંમત રૂા.૩૫,૦૦૦ એમ કુલ મળી રૂા.૪,૦૦,૦૨૭નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો હતો.

આ સમગ્ર મામલો ગુજરાતના ડીજી સુધી પહોંચ્યો હતો અને આજરોજ દાહોદ જિલ્લાના સંજેલી તાલુકા પોલીસ મથકના પીએસઆઈ એસ.એમ. લાશનને ડીજી દ્વારા સસ્પેન્ડ કરાયાં હોવાના સમાચાર વાયુવેગે દાહોદ જિલ્લામાં ફેલાતાં ખાસ કરીને પોલીસ બેડામાં સ્તબ્ધતા સાથે ચકચાર મચી જવા પામી હતી.

## સંજેલી તાલુકાના ઢાળ સીમલ ગામેથી ૧.૬૬ લાખનો દારૂ ઝડપ્યો

દાહોદ,
દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાના ઢાળસીમલ ગામેથી એલ.સી.બી. પોલીસે એક ટ્રકમાંથી વિદેશી દારૂ તથા બીયરની બોટલો નંગ.૧૫૦૦ કિંમત રૂા.૧,૬૬,૩૮૦ના પ્રોહી જથ્થા સાથે ચાલક સહિત બે જણાની અંગ ઝડતીમાંથી રોકડા રૂપીયા, મોબાઈલ ફોન તેમજ ટ્રકની કિંમત મળી કુલ રૂા.૫,૨૦,૧૬૦નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યાનું જ્યારે અન્ય વધુ બે ઈસમો મળી કુલ ચાર જણા વિરૂધ્ધ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ગત તા.૦૬ સપ્ટેમ્બરના રોજ એલ.સી.બી. પોલીસને મળેલ બાતમીના આધારે ઢાળસીમલ ગામે વોચ ગોઠવી ઉભા હતાં. આ દરમ્યાન બાતમીમાં દર્શાવેલ એક ટ્રક ત્યાંથી પસાર થતાં પોલીસ સાબદી બની હતી અને ટ્રક નજીક આવતાંની સાથે ટ્રકને ચારેય તરફથી ઘેરી લઈ ટ્રકના ચાલક વિજયકુમાર ભાયજીભાઈ સોલંકી (રહે. ગોધરા, જિ.પંચમહાલ) અને ટ્રકમાં સવાર સુનીલભાઈ પાંગળાભાઈ મડોડીયા (રહે. ગોધરા, જિ. પંચમહાલ) બંન્નેની પોલીસે અટકાયત કરી હતી. ટ્રકની તલાસી લેતાં ટ્રકમાંથી વિદેશી દારૂ તથા બીયરની બોટલો નંગ.૧૫૦૦ કિંમત રૂા.૧,૬૩,૩૮૦ નો પ્રોહી જથ્થો કબજે લઈ ઉપરોક્ત બંન્ને જણાની અંગ ઝડતીમાંથી રોકડા રૂપીયા, મોબાઈલ ફોન તેમજ ટ્રકની કિંમત મળી પોલીસે કુલ રૂા.૫,૨૦,૧૬૦નો મુદ્દામાલ કબજે કર્યો હતાં. વધુમાં જાણવા મળ્યાં અનુસાર, મોનાડુંગર દારૂના ઠેકાના માલિક અને રમેશભાઈ ધુળાભાઈ કટારા (રહેચ ડોક્ટરના મુવાડા, તા.ગોધરા, જિ. પંચમહાલ) નાઓની વિરૂધ્ધ પણ સંજેલી પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનાં હસ્તે કોરોના મહામારી સામે મુકાબલો પુસ્તિકાનું વિમોચન



દાહોદ,
મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ કોરોના મહામારી સામે મુકાબલો પુસ્તિકાનું વિમોચન કર્યું હતું. આ પુસ્તિકામાં દાહોદ જિલ્લામાં કોરોના વાયરસની પ્રથમ લહેર દરમિયાન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલી જનકલ્યાણની વિવિધ પ્રવૃત્તિને દાહોદ જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા માહિતી કચેરી, દાહોદ દ્વારા ગ્રંથસ્થ કરાઈ છે.

દાહોદ જિલ્લાની વિકાસ વાટિકા અંતર્ગત પ્રકાશિત આ પુસ્તિકાનું પ્રકાશન જિલ્લા વહીવટી તંત્ર અને સંપાદન જિલ્લા માહિતી કચેરી દ્વારા કરવામાં આવ્યું છે. આ વર્ષે દાહોદ જિલ્લા માહિતી કચેરીએ નવતર આયોજન કરી કોરોનાકાળની પ્રવૃત્તિનું દસ્તાવેજીકરણ આ પુસ્તક કોરોના મહામારીનો મુકાબલોમાં કરવામાં આવ્યું છે.

આ પુસ્તિકામાં જિલ્લા વહીવટી તંત્ર, આરોગ્ય, પોલીસ, પ્રવાસી શ્રમિકોનું વ્યવસ્થાપન, સામાજિક અને સેવાભાવી સંગઠનો, પુરવઠા વિભાગ અને મીડિયા જેવા વિષયો ઉપર દાહોદના પત્રકારો યોગેશ દેસાઈ, શેતલ કોઠારી, હિમાંશુ નાગર, ઈરફાન મલેક, સચિન દેસાઈ તથા જિજ્ઞેશ બારિઆ દ્વારા આલેખન કરવામાં આવ્યું છે. બાકીના વિષયવસ્તુનું આલેખન દાહોદ જિલ્લા માહિતી કચેરી દ્વારા કરવામાં આવ્યું છે. પુસ્તિકાના પ્રકાશનમાં જિલ્લા આયોજન કચેરી તથા વડોદરા સરકારી પ્રેસનો સહયોગ સાંપડ્યો છે.

## ફતેપુરા તાલુકાના માધવા ગામે વીજળી પડતા પર વર્ષીય આધેડનું મોત



ફતેપુરા,
ફતેપુરા તાલુકાના માધવા ગામે મંગળવારના રોજ એક પર વર્ષીય આગળ ઉપર વીજળી ત્રાટકતા ઘટનાસ્થળે જ મોત નિપજવા પામેલ હોવાનું જાણવા મળે છે.

જાણવા મળેલી વિગતો મુજબ ફતેપુરા તાલુકામા માધવા ગામના ઉજાડિયા ફળિયામાં રહેતા ગરાસીયા રમેશભાઈ મતાભાઈ (ઉંમર વર્ષ પર) ખેતીવાડી દ્વારા ગુજરાન ચલાવતા હતા.જેઓ મંગળવાર ૭ સપ્ટેમ્બર ૨૦૨૧ ના રોજ ચારેક વાગ્યાના અરસામાં ગાજવીજ સાથે વરસાદ આવતા તેમના પશુઓ આંબા નીચે બાંધેલ હોય છોડવા માટે ગયા હતા. તેવા જ સમયે કડાકા સાથે તેમના ઉપર વીજળી ત્રાટકતા ઘટનાસ્થળે જ કમાટી ભર્યું મોત નીપજ્યું હોવાનું જાણવા મળે છે. ઘરના મોભીનું અણધાર્યું અચાનક મોત નિપજતા પરિવારમાં રોકકળ મચી જવા પામી હતી.

ઉપરોક્ત બાબતે તાલુકા તંત્ર દ્વારા રૂબરૂ આવી સ્થળ તપાસ કરી જવાબ પંચકેશ બાદ મૃતક રમેશભાઈ મતાભાઈ ગરાસીયાની લાશને પી.એમ માટે ફતેપુરા સરકારી દવાખાનામાં મોકલવામાં આવી હતી. લાશના પી.એમ બાદ લાશનો કબજો મૃતકના વાલીવારસોને સોંપી મૃતકના વારસદારોને સરકાર દ્વારા મળવાપાત્ર સહાય મળે તે બાબતે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

## લીમખેડાના ધાણકીયા ગામે ખેતરમાં વીજ કરંટ ચાલુ મૂકતા એક વ્યકિતને કરંટ લાગ્યો

દાહોદ,
દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના રઈ ધાણકીયા ગામે ત્રણ જણાએ એકબીજાના મેળાપીપણામાં એક ખેતરની ફરતે સેન્ટીંગના તાર બાંધી ચાલુ વિજ કરંટ મુકતા આ ચાલુ વીજના વાયરોને એક વ્યક્તિ અડી જતાં તેને બંન્ને પગે સખત કરંટ લાગતાં હાલ ઈજાગ્રસ્ત વ્યકિત નજીકના દવાખાને સારવાર અર્થે હોવાનું જાણવા મળી રહ્યું છે જ્યારે આ મામલે પોલીસમાં ફરિયાદ નોંધાતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ગત તા.૦૪ સપ્ટેમ્બરના રોજ હિરાભાઈ છગનભાઈ ધાણકીયા, મંગાભાઈ ભાથુભાઈ મુંડેલ, મહમદભાઈ ઈસુલભાઈ દુધીયાવાલા (તમામ રહે. રઈ અને દેવગઢ બારીઆ) નાઓએ એકબીજાના મેળાપીપણામાં હિરાભાઈ અને મંગાભાઈના ખેતરની ફરતે સેન્ટીંગના તાર બાંધી ચાલુ વીજ કરંટ મુકતાં ત્યાંથી પસાર થઈ રહેલ પ્રતાપભાઈ શંકરભાઈ ધાણકીયાને બંન્ને પગે ચાલુ વીજ વાયર અડી જતાં એનો બંન્ને પગે સખત વીજ કરંટ લાગતાં તેઓને હાલ નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં છે. આ સંબંધે ધાણકીયા રઈ ધાણકીયા ગામે રહેતાં ધીરસીંગભાઈ શંકરભાઈ ધાણકીયાએ લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## રાજ્ય કક્ષા કલા મહાકુંભ ગાયન સ્પર્ધામાં દાહોદ જિલ્લાની મેઘાબેન યાદવે શાસ્ત્રીય કંઠય સંગીત સ્પર્ધામાં ત્રીજું સ્થાન મેળવ્યું



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
દાહોદ જિલ્લાની મેઘાબેન યાદવે શાસ્ત્રીય કંઠય સંગીતની કલા મહાકુંભ રાજ્ય કક્ષાની ગાયન સ્પર્ધામાં ત્રીજું સ્થાન મેળવ્યું છે. નડીયાદમાં આયોજિત આ રાજ્ય કક્ષાની સ્પર્ધા રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર અને કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ ગાંધીનગર સંચાલીત અને જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી નડીયાદ દ્વારા આયોજન કરાયું હતું.

મોબાઈલ ટુ સ્પોર્ટ્સ અંતર્ગત કલા મહાકુંભ રાજ્ય કક્ષાની ગાયન સ્પર્ધા નડીયાદ મુકામે ગત તા.૨૭/૦૮/૨૦૨૧ ના રોજ યોજાઈ હતી. જેમા દાહોદ જિલ્લાની મેઘાબેન યાદવ દ્વારા શાસ્ત્રીય કંઠ્ય સંગીત (હિંદુસ્તાની) મા ૧૫ થી ૨૦ વર્ષના વય ગૃપમાં ભાગ લઈ અને રાજ્યામાં ત્રીજુ સ્થાન મેળવીને દાહોદ જિલ્લાનું ગૌરવ વધાર્યુ છે. તેઓએ શાસ્ત્રીય સંગીતની તાલીમ દાહોદના પ્રખ્યાત સંગીતાચાર્ય કપીલભાઈ ત્રીવેદી દ્વારા મેળવ્યું છે.

## દાહોદના દેલસર ગામે યુવકે ઘરમાં લાકડી વળીએ ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો



દાહોદ,
દાહોદ તાલુકાના દેલસર ગામે ચકચારી બનાવ સામે આવ્યો છે જેમાં એક યુવકે પોતાના ઘરે છતની લાકડાની વળી ઉપર દોરડું બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યાં કરી લેતાં વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી. જાણવા મળ્યાં અનુસાર, મૃતકની નજીકથી એક સુસાઈડ નોટ પણ મળી આવી છે જેમાં પોતે જીવનથી કંટાળી આ પગલું ભર્યું હોવાનું ઉલ્લેખ કર્યો છે. પોલીસે સમગ્ર મામલે તલસ્પર્શી તપાસ હાથ ધરી આગળની તજવીજ હાથ ધરી છે.

ગતરોજ રાત્રીના સમયે દાહોદ તાલુકાના દેલસર ગામે શીવ શક્તિ સોસાયટીમાં રહેતાં નીલેશભાઈ સોલંકી નામક યુવકે પોતાના ઘરમાં છતની વળી ઉપર દોરડું બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આ ઘટનાની જાણ સ્થાનીક પોલીસને થતાં પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને મૃતક નીલેશભાઈના મૃતદેહને નીચે ઉતારી નજીકના દવાખાને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યો હતો. મૃતકની નજીકના ઘરમાંથી તેની નજીકથી એક સુસાઈડ નોટ પણ મળી આવી હતી જેમાં પોતે જીવનથી કંટાળી આત્મહત્યા કરી લેવાનો નિર્ણય કર્યો હોવાનું ઉલ્લેખ કર્યું હતું.

આ સંબંધે દાહોદ તાલુકા પોલીસે સી.આર.પી.સી. કલમ મુજબ અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## અમદાવાદમાં સફાઈ કરતા મૃત્યુ પામેલાના ત્રણ શ્રમિકોનાં પરિવારજનોને સહાય અપાઈ



દાહોદ,
અમદાવાદમાં ભૂગર્ભ ગટરની કામગીરીમાં કરૂણ અકસ્માતનો ભોગ બની મૃત્યુ પામનારા દાહોદનાં ત્રણ શ્રમિકોનાં પરિવારજનોને રૂ. ૧૦ લાખની સહાયના ચેક કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીએ આપ્યા હતા. આ ચેક અમદાવાદ અર્બન ડેવલોપમેન્ટ ઓથોરિટીનાં એડીશનલ કલેક્ટર દ્વારા સુપ્રીમ કોર્ટની માર્ગદર્શીકા મુજબ દરેક શ્રમિકને રૂ. ૧૦ લાખની સહાય ચેક ઝડપથી વહીવટી પ્રક્રિયા આટોપી મંજૂર કરવામાં આવ્યા હતા.

જિલ્લા સેવા સદન ખાતે કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીએ અપમુત્યુનો ભોગ બનનાર ત્રણે શ્રમિકો સંદીપભાઈ મેડા, રાજેશભાઈ મેડા અને ભરતભાઈ મેડાના પરિવારજનોને રૂ. ૧૦-૧૦ લાખની સહાયના ચેક આપવામાં આવ્યા હતા. આ ત્રણે શ્રમિકો દાહોદનાં વાંદરિયા ગામનાં હતા અને અમદાવાદમાં અર્થોપાર્જન અર્થે આવ્યા હતા. જયાં ગત તા. ૨૬ ઓગસ્ટે અમદાવાદનાં બોપલ વિસ્તારમાં ડ્રેનેજ લાઈનની કામગીરી માટે અંદર ઉતરતા આ અકસ્માત સર્જાયો હતો. આ વેળાએ નિવાસી અધિક કલેક્ટર એ.બી. પાંડોર, મામલતદાર જે.એસ. ડાભી ઉપસ્થિત રહ્યાં હતા.

## ઝાલોદના છાયણ ગામે પશુ ચરાવવા માટે ઝગડામાં મારમારતાં ફરિયાદ

દાહોદ,
દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના છાયણ ગામે પાંચ જેટલા ઈસમોએ એકસંપ થઈ ગેરકાયદે મંડળી બનાવી પોતાની સાથે લોખંડની પાઈપ, પથ્થર, ધારીયા, લાકડીઓ જેવા મારક હથિયારો સાથે ધસી આવી વાવેતર કરેલ જમીનમાં પશુઓ ચરાવવા મામલે ઝઘડો તકરાર કરી ત્રણ વ્યક્તિઓને હથિયારો વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપતાં આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગત તા.૦૬ સપ્ટેમ્બરના રોજ ઝાલોદ તાલુકાના ગુલતોરા ગામે રહેતાં સુભાષભાઈ સામજીભાઈ માવી, સુભાષભાઈ પુંજાભાઈ ડામોર, રમસુભાઈ બીજીયાભાઈ વસૈયા, જોરસીંગભાઈ ચેતાનભાઈ માવી અને રમેશભાઈ ચેતાનભાઈ માવીનાઓએ પોતાની સાથે લોખંડની પાઈપ, પથ્થરો, ધારીયા, લાકડીઓ જેવા મારક હથિયારો ધારણ કરી છાયણ ગામે રહેતાં મનીષભાઈ ગંગાભાઈ કાળીયાભાઈ ભુરીયાના ઘર તરફ આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, તમે અમારા વાવેતરમાં કરેલ જમીનમાં કેમ પશુઓ ચરાવો છો, તેમ કહેતાં ચારેય જણાએ બેફામ ગાળો બોલી એકદમ ઉશ્કેરાઈ ગયાં હતાં અને પોતાની સાથે લાવેલ હથિયારો વડે, મનીષભાઈ, દિલીપભાઈ અને તેમની સાથે અન્ય વ્યક્તિને માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી લોહીલુહાણ કરી મારી નાંખવાની ધમકી આપી ભારે ધિંગાણું મચાવતાં આ સંબંધે ઈજાગ્રસ્ત મનીષભાઈ ગંગાભાઈ કાળીયાભાઈ ભુરીયાએ ચાકલીયા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## લીમખેડાના મંગલ મહુડી જમીન પચાવી પાડવા મામલે ફરિયાદ

દાહોદ,
દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના મંગલ મહુડી ગામે લેન્ડ ગ્રેબીંગનો કિસ્સો સામે આવ્યો છે. જેમાં એક ઈસમે એક વ્યક્તિની માલિકીની જમીનમાં મકાન બનાવી જમીન પચાવી પાડતાં આ મામલે પોલીસમાં ફરિયાદ નોંધાયાનું જાણવા મળે છે. મંગલ મહુડી ગામે ડામોર ફળિયામાં રહેતાં ચુનીયાભાઈ સમસુભાઈ ડામોરે પોતાના ગામમાં રહેતાં મગનભાઈ રામસીંગભાઈ રાવતની માલિકીની રે. સર્વે નંબર ૧૧૬વાળી જમીનમાં ચુનીયાભાઈએ પોતાનું પાકુ મકાન બનાવી દીધું હતું અને માટીનું પુરાણ કરી મગનભાઈની જમીન પચાવી પાડી હતી. આ સમગ્ર કિસ્સો વર્ષ ૨૦૧૮ ના જુન માસથી તારીખ ૦૧.૦૬.૨૦૨૧ના રોજ બનવા પામ્યો હતો. લાંબા સમયથી આ વિવાદ ન ઉકેલાતા આખરે ન્યાયની માંગણી સાથે મગનભાઈ રામસીંગભાઈ રાવતે ચુનીયાભાઈ સમસુભાઈ ડામોર વિરૂધ્ધ લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.15

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ભણશે ગુજરાત.... આગળ વધશે ગુજરાત.... સ્લોગન વચ્ચે

# ગોધરાના છાવડ ગામની પ્રા.શાળાના જર્જરીત વર્ગ ખંડોના કારણે ખુલ્લામાં ભણતું દેશનું ભવિષ્ય

## છાવડની જર્જરીત પ્રા.શાળામાં બાળકો જીવના જોખમે અભ્યાસ કરવા મજબુર.....









બેટી બચાવો.. બેટી પઢાવો.. ની સરકારની યોજના તેમજ ભણશે ગુજરાત, આગળ વધશે ગુજરાત નું સૂરસૂરીયું.

### - જર્જરીત વર્ગ ખંડ હોવાના કારણે બાળકોને ખુલ્લામાં બેસીને કરવો પડે છે અભ્યાસ.
### - ગોધરાના છાવડ ગામની પ્રા.શાળામાં પ્રાથમિક સુવિધાનો અભાવ.

ગોધરા,
દેશભરમાં સંવેદનશીલ સરકારના નારા લગાવતી સરકારને પંચમહાલ જીલ્લાના ગોધરા તાલુકાના છાવડ ગામની શાળાના બાળકોની વ્યથા સંભળાતી નથી. ગામના હળપતીઓના ૨૦૦ ઉપરાંત આજના બાળકો શાળામાં આવતી કાલનું ભવિષ્ય બનવા માટે જર્જરતી બનેલ વર્ગ ખંડમાં તેમજ ખુલ્લા મેદાનમાં અભ્યાસ કરી રહ્યા છે. ત્યારે ૭૫ વર્ષ ઉપરાંત જુના જર્જરીત મકાનમાં તેમજ ખુલ્લા મેદાનમાં બાળકો

અમારી શાળાના ઓરડા તોડી પાડવામાં આવ્યા બાદ આજદિન સુધી નવા ઓરડા બનાવવામાં આવ્યા નથી અમે બહાર તડકામાં બેસીને અભ્યાસ કરીએ છીએ અમારે ભણવું છે માટે અમે આવી તકલીફ ભોગવીને પણ હાલ અભ્યાસ કરી રહ્યા છે. માટે અમે સરકારને વિનંતી કરીએ છીએ કે અમને નવા ઓરડા બનવી આપે.



પરમાર મિત્તલબેન પંકજકુમાર : વિદ્યાર્થીની

જીવના જોખમે અભ્યાસ કરતા હોવાથી વાલીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

રાજય સરકાર દ્વારા રાજયમાં પૂરૂં પાડવામાં આવતા પ્રાથમિક શિક્ષણની સ્થિતિ હાલ કથળતી જતી હોય તેમજ લાગી રહ્યું છે. રાજય સરકાર દ્વારા ભલે પ્રાથમિક શિક્ષણને લઈને અનેક દાવા કરવામાં આવતા હોય પરંતુ પંચમહાલ જીલ્લામાં આ દાવા પોકળ સાબિત થતા જોવા મળી રહ્યા છે.

રાજય સરકાર દ્વારા રાજયમાં અને ખાસ કરીને આદિવાસી અને પછાત વસ્તી ધરવતા જિલ્લાઓમાં પ્રાથમિક શિક્ષણ પૂરૂં પાડવા માટે અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકી ઉચ્ચ ગુણવત્તાનું શિક્ષણ પૂરૂં પાડવામાં આવતું હોવાના અનેક દાવા કરવામાં આવી રહ્યા છે અને આ દાવાઓની આંકડાઓની માયાજાળ રચી માત્ર કાગળ પર જ આં દાવા સીમિત રહી જવા પામ્યા છે તેમજ લાગી રહ્યું છે. પછાત અને આદિવાસી વસ્તી ધરવતા પંચમહાલ જીલ્લાની ગોધરા તાલુકાના અંતરિયાળ છાવડ ગામની પ્રાથમિક શાળાની.. આ છાવડ ગામની પ્રાથમિક શાળા સમગ્ર પંચમહાલ જીલ્લાની સૌથી જૂની પ્રાથમિક શાળા છે. આ શાળાની સ્થાપના ઈ.સ.૧૯૪૨ માં કરવામાં આવી હતી. જે શાળાને ૭૫ વર્ષ જેટલો સમય થતા આ શાળાના ઓરડા જર્જરિત બન્યા હતા. ત્યારે આ શાળામાં આભ્યાસ કરતા ૨૪૦ ઉપરાંત બાળકોની સુરક્ષાને દ્યાને લઈને શાળાના આચાર્ય અને ગામની શાળા સમિતિ દ્વારા શાળાના તમામ ૧૦ ઓરડાને ઉતારી લઈને નવા ઓરડા બનાવવા માટેની દરખાસ્ત જીલ્લાકક્ષાએ ગત વર્ષ ૨૦૧૮ માં કરી હતી. ત્યારે જીલ્લા કક્ષાએથી આ શાળાના તમામ ઓરડાને તોડી પાડવાની મંજુરી પણ આપી દેવામાં આવી હતી પરંતુ નવીન ઓરડા બનવવાની કોઈ જ મંજુરી આપી નહોતી. ત્યારે શાળાના વધુ જર્જરિત બનેલા ૧૦ પૈકી ૬ ઓરડાઓને શાળાના આચાર્ય દ્વારા તોડી પડાવવામાં આવ્યા હતા અને બાકીના ૪ ઓરડામાં ધોરણ ૧ થી ૮ ના ૨૪૦ ઉપરાંત બાળકોનું શિક્ષણ કાર્ય ચાલુ રાખ્યું હતું.

શાળાના અતિજર્જરિત બનેલા ઓરડાઓને તોડી પાડવામાં આવ્યા બાદ શાળા સંચાલકો દ્વારા ધોરણ ૪ અને ૮ ના વિદ્યાર્થીઓને ઓરડાના અભાવે શાળાની બહાર ખુલ્લામાં બેસાડીને અભ્યાસ કરવવાની ફરજ પડી છે. શાળાના આચાર્ય દ્વારા નવીન ઓરડા બનાવવા માટે જીલ્લાકક્ષાએ અનેક રજુઆતો કરવામાં આવી હોવા છતાં આજદિન સુધી કોઈ જ કાર્યવાહી ન કરવામાં આવતા હાલ આ શાળામાં બાળકોની સંખ્યામાં પણ ઘટાડો નોંધાયો છે. હાલ આ શાળામાં બાળકો બહાર ખુલ્લામાં છેલ્લા ૩ વર્ષ ઉપરાંતના સમયથી ટાઢ, તડકામાં તેમજ ચોમાસાની સીઝનમાં અભ્યાસ કરી રહ્યા છે. શાળામાં અન્ય પ્રાથમિક સુવિધાઓની વાત કરવામાં આવે તો શાળામાં કોઈપણ પ્રકારની સાફ સફાઈ પણ રાખવામાં આવતી નથી તેમજ બાળકો માટે મુકવામાં આવેલા રમત ગમતના સાધનો પણ હાલ જર્જરિત બન્યા છે, પરંતુ તંત્ર દ્વારા આ બાબતે કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી નથી. ગ્રાન્ટનો અભાવ હોવાના બહાના હેઠળ ૩ વર્ષથી પણ વધુ સમય વિત્યો હોવા છતાં આ શાળામાં નવીન ઓરડા બનાવવા કે અન્ય કોઈ પ્રાથમિક સુવિધા પહોંચાડવામાં આવી નથી.

શાળાની આ સ્થિતિને દ્યાને લઈને વાલીઓ દ્વારા પોતાના બાળકોને આ શાળાને હાલ મોકલવામાં પણ આવી રહ્યા નથી. જેને લઈને શાળામાં આભ્યાસ માટે આવતા બાળકોની સંખ્યામાં ઘટાડો પણ નોંધાવા પામ્યો છે. હાલ શાળામાં બાળકોને ખુલ્લામાં બેસાડીને અભ્યાસ કરાવવામાં આવતો હોઈ બાળકોને પણ ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે પરંતુ જવાબદારોના પેટનું પાણી પણ હાલતું નથી. શાળા કક્ષાએથી શાળાના આચાર્ય તેમજ શાળા સમિતિ દ્વારા પણ છેલ્લા ૩ વર્ષ ઉપરાંતના સમયથી અનેક રજુઆતો કરવામાં આવી હોવા છતાંપણ નવીન ઓરડા બનવવા માટે કે વિદ્યાર્થીઓને અન્ય કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કરવા માટેની કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી નથી.

એક તરફ છેવાડાના શાળાઓને બુનિયાદી સુવિધાઓ પુરી પાડવા વર્ષમાં ૨૫ હજાર કરોડ રાજ્ય સરકાર દ્વારા ફાળવવામાં આવતા હોવાનો દાવો સરકાર કરી રહી છે. પરંતુ હાલ પંચમહાલ જીલ્લાના ગોધરા તાલુકામાં આવેલ છાવડ પ્રા.શાળા જર્જરીત બની ગયેલ શાળાના વર્ગ ખંડમાં તેમજ શાળાના ખુલ્લા મેદાનમાં આજના બાળકો આવતી કાલના ભવિષ્ય માટે અભ્યાસ કરતા જોઈને સરકારના દાવાઓની પોલ ખોલી રહી છે. શિક્ષણ વિભાગ દ્વારા જર્જરીત વર્ગ ખંડોનું સમારકામ અને તોડી પાડેલા વર્ગ ખંડોની જગ્યાએ નવા વર્ગ ખંડો બનાવવામાં આવે તે જરૂરી બન્યું છે.



ગોધરા તાલુકાના છાવડ પ્રા.શાળાના ઓરડાઓ જર્જરીત બનતા તોડી નાખવામાં આવ્યા હતા. હાલમાં શાળાના વિદ્યાર્થીઓ ખુલ્લામાં અભ્યાસ કરવા માટે મજબુર બન્યા છે. પંચમહાલ જીલ્લામાં મચ્છરજન્ય રોગો ડેન્ગ્યુ, મેલેરીયા, ચીકનગુનિયા જેવા રોગો એ ભરડો લીધો છે. તેવા સમયે બાળકો ખુલ્લામાં અભ્યાસ કરી રહ્યા છે. વિદ્યાર્થીઓ ખુલ્લામાં અભ્યાસ કરે છે. તેની આસપાસ પાણી ખાબોચીયા ભરાયેલા જોવા મળી રહ્યા છે. જેને લઈ બાળકો પણ મચ્છરજન્ય રોગચાળાનો ભોગ બનશે તો જવાબદાર કોણ રહેશે ?

## પંચમહાલ જીલ્લા ભારતીય કિસાન સંઘ દ્વારા ખેડુતોને લઘુતમ ટેકાના ભાવો તેમજ અન્ય માંગણીઓને લઈ જીલ્લા કલેકટરને આવેદન

ગોધરા,
પંચમહાલ જીલ્લા ભારતીય કિસાન સંઘ દ્વારા બુધવારના રોજ સવારે ૧૧ થી ૩ કલાક સુધી જીલ્લા કલેકટર કચેરી બહાર ખેડુતોના હિતમાં લઘુતમ ટેકાના ભાવો (એમ.એસ.પી.) માટે કાયદો મળે તેવી માંગ સાથે ધરણા કાર્યક્રમ યોજાયો હતો અને ખેડુતોના પ્રશ્નોને લઈ જીલ્લા કલેકટરને આવેદન આપવામાં આવ્યું હતું.

પંચમહાલ જીલ્લા ભારતીય કિસાન સંઘ દ્વારા જીલ્લાના ખેડુતોને મુંઝવતા પ્રશ્નો તેમજ વિવિધ માંગણીઓ સાથે લેખિતમાં આવેદન આપવામાં આવ્યું. તેમાં માંગ કરવામાં આવી છે કે, દેશ અને ૫૨૫ જીલ્લાના ખેડુતો હિતમાં લઘુતમ ટેકાના ભાવો માટેના કાયદો મળે તેવી માંગ કરાઈ હતી. સાથે ખાનગી વેપારીઓનું રાજ્ય અને કેન્દ્ર સ્તરે રજીસ્ટ્રેશન અનિવાર્ય કરવામાં આવે તેવી માહિતી સરકારી પોર્ટલ વેબસાઈટ ઉપર થી બધાને મળી રહે તેવી જોગવાઈ કરવી, કાયદાકીય વિવાદો અને કિસાન ન્યાયાલયની વ્યવસ્થા જે તે જીલ્લામાં કરવામાં આવે. નવા કૃષિ કાયદામાં કિસાનની વ્યાખ્યામાં કોર્પોરેટર કંપનીઓ આવી રહી છે. તેમાં સુધારો કરી માત્ર કૃષિ સંબધિત કંપનીઓના સમાવેશ કરવામાં આવે. ખેડુતોને ટેકાના ભાવ નહિ પરંતુ પડતર કિંમતના આધારે પોષણસમ ભાવ મળવો જોઈએ. તેવી વ્યવસ્થા કરવી ખેડુતોનું અનાજ માર્કેટયાર્ડ , સરકાર અથવા બહાર ખરીદે પરંતુ જાહેર થયેલ ભાવથી ઓછી કિંમતે થતા વેચાણને ગુન્હો માનવામાં આવે. ગુજરાત સરકાર દ્વારા ખેડુતોની જમીન બિનખેડુત વ્યકિતપણ ખરીદી શક્શે. આ સરકારી નિર્ણય ઉપર ફેર વિચારણા કરવામાં આવે તેવી માંગ કરાઈ છે. સાથે રાજયમાં જમીન રીસર્વેમાં થયેલ ભુલોને સધારવામાં આવશે. ખેતી માટે ૧૦ કલાક થ્રી ફેઝ વિજળી આપવામાં આવે અને વરસાદની અનિયમીતતા ૧૨ કલાક થ્રી ફેઝ વિજળી આપવામાં આવે. ખેડુતોના દુધના પોષણક્ષમ ભાવો નકકી કરવા તેમજ પ્રતિ લીટરો રાજ્ય સરકાર પ્રોત્સાહન આપે. પંચમહાલ જીલ્લાને સિંચાઈનું પાણી આપવાનું આયોજન હતું પરંતુ નર્મદા ઓથોરીટી દ્વારા પાણી લેવાની મંજુરી નહિ આપવાને કારણે યોજના બંધ થયેલ છે. જેથી જીલ્લાના ખેડુતો સિંચાઈની સુવિધાનો લાભ મળેલ થી ત્યારે જીલ્લાને નર્મદા આધારીત સિંચાઈ યોજના ખેડુતો માટે બનાવવામાં આવે તેવી માંગ સાથે જીલ્લાના ખેડુતો વતી જીલ્લા ભારતીય કિસાન સંઘ દ્વારા જીલ્લા કલેકટર કચેરી બહાર ધરણા કાર્યક્રમ યોજી તેમજ જીલ્લા કલેકટરને આવેદન આપવામાં આવ્યું.

## પંચમહાલ જીલ્લામાં પંચાયતોની ચુંટણીમાં રોશટર (રોટેશન) અનાતમની જાહેરાત સાથે અસંતોષના સૂર ઉઠયા

ગોધરા,
પંચમહાલ જીલ્લા ચુંટણી અધિકારી દ્વારા આગામી સમયમાં યોજાનાર ગ્રામ પંચાયતોની ચુંટણીઓ પૂર્વ સરપંચ અને સભ્યોની રોસ્ટશ પ્રમાણે સીટો અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ જાહેરનામામાં ગોધરા તાલુકાના વાવડી ખુર્દ ગામની સરપંચ પદ બેઠક માટે એસ.સી. સમાજની માંગણી છતાં નહિ ફાળવીને અન્યાય કરવામાં આવ્યો હોય ઉપવાસ ઉપર બેસવા તેમજ આંદોલન કરવાની ચિમકી સાથે જીલ્લા કલેકટરને આવેદન આપવામાં આવ્યું છે.



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

પંચમહાલ જીલ્લાની મોટાભાગની ગ્રામ પંચાયતોની મુદ્દત પુરી થવા જઈ રહી છે. તેના ભાગરૂપે વહીવટી તંત્ર દ્વારા આવનાર ગ્રામ પંચાયતોની ચુંટણીલક્ષી તૈયારીઓ શરૂ કરી છે. આગામી સમયમાં યોજાનાર ગ્રામ પંચાયતોની ચુંટણીઓમાં રોસ્ટર (રોટેશન) પ્રમાણે સરપંચ અને સભ્યોની અનામત બેઠકો સાથેનું જીલ્લા ચુંટણી અધિકારી દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. રોસ્ટર મુજબનું જાહેરનામા સાથે અનેક વિવાદો અને અસંતોષ પણ સામે આવ્યો છે. ગોધરા તાલુકાના વાવડી ખુર્દ ગામમાં અનુસૂચિત જાતિ એસ.સી. (દલિત) ૭૫ વર્ષ થવા છતાં શાસકો દ્વારા વાવડી ખુર્દ ગ્રામ પંચાયતની સરપંચ સીટ દલીતને ફાળવેલ અને દલિત સમાજ સાથે ઓરમાયુ વર્તન રાખવામાં આવી રહ્યું છે. રોસ્ટર પ્રમાણેનું જાહેરનામું પ્રસિદ્ધ થયું તે પહેલા ત્રણ માસ અગાઉ વાવડી ખુર્દ ગામના દલિત સમાજ દ્વારા સરપંચ સીટ એસ.સી. કરવા લેખિત રજુઆત કરાઈ હતી. તેમ છતાં વાવડી ખુર્દ ગામની સરપંચની એસ.સી.ને ફાળવાયેલ નથી. આ સીટ માટે ૮ સપ્ટેમ્બર ૨૦૨૧ના પ્રતિક ઉપવાસ ઉપર બેસી રજુઆત કરાશે. તેમ છતાં વાવડી ખુર્દ ગામની સરપંચ સીટ એસ.સી.ને ફાળવવામાં નહિ આવે તો ઉગ્ર આંદોલન કરવાની ચિમકી સાથે પંચમહાલ જીલ્લા કલેકટરને આવેદન આપવામાં આવ્યું છે.

## ગોધરા તાલુકાના નદીસર ગામની વાયા કાંકણપુર બસ નવી શરૂ કરવા માંગ

ગોધરા,
ગોધરા તાલુકાના પશ્ચિમ વિસ્તારના નદીસર સહિત જૂની ધરી, ટીંબા ગામ તેમજ આસપાસના વિસ્તારો માંથી રોજ બાલાસિનોર તેમજ કાંકણપુર ખાતે કોલેજ તેમજ અન્ય ઉચ્ચ અભ્યાસ માટે દોઢ સો થી બસ્સો વિદ્યાર્થી ઓ અભ્યાસ માટે જાય છે. ત્યારે વિદ્યાર્થી ઓનાં આવા ગમનના સમયે કાંકણપુર તેમજ બાલાસિનોર માટે કોઈ બસ સુવિધા ન હોવા ના કારણે વિદ્યાર્થી ઓને મુસીબત વેઠવી પડે છે અને ના છૂટકે ખાનગી વાહનોમાં જીવના જોખમે ટાઈમ ટાઈમ મુસાફરી કરવી પડશે આ અંગે વારંવાર રજુવાત કરવા છતાં તંત્ર આંધળું અને બહેરૂં હોય તેમ કોઈજ વાત સાંભળતું નથી. આ તરફ વિદ્યાર્થી ઓની માંગ પ્રમાણે સવારે ૮.૩૦ વાગે ગોધરા થી વાયા કાકનપૂર નદીસર થઈ બાલાસિનોર ૧૧ વાગે પહોંચે તેમ તેમજ બપોર ૨-૧૫ વાગે બાલાસિનોર થી ઉપડી વાયા સેવાલિયા નદીસર થઈ ગોધરા જાય તેમ તેમજ સવારે ૧૧ વાગે ગોધરા થી ઉપડી વાયા કાકનપૂર થી નદીસર આવે તે રીતે નવીન રૂટ વિદ્યાર્થી ઓ માટે ચાલુ કરવા ખૂબ જરૂરી છે. મોટા ભાગે છોકરી ઓની સંખ્યા વધુ હોય તેમને અપ ડાઉન બાબતે બસ રૂટના અભાવે મુશ્કેલી વેઠવી પડે છે. ત્યારે આ અંગે તત્કાલીન ગોધરા એસ.ટી તંત્ર યોગ્ય નિર્ણય કરે તે જરૂરી છે....!

## કાલોલ ડેરોલ સ્ટેશનમાં પ્લાસ્ટિકના ઝબલા બનાવતી કંપનીમાં કામ કરતાં મશીનથી કામદારની હાથની આંગળીઓ કપાઈ

કાલોલ,
કાલોલ તાલુકાના ડેરોલસ્ટેશન ખાતે આવેલ માર્કેટિંગ યાર્ડ પાસે રહેણાંક વિસ્તારમાં આવેલ પ્લાસ્ટિકના ઝબલા બનાવતી જૈના ઈન્ડસ્ટ્રીયલ કંપનીમાં તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી કામદારો કામ કરવાં આવતા હોય છે. જેમાં ના એક કામદારને બે દિવસ પહેલાં કંપનીના પ્લાસ્ટિક ના ઉપયોગમાં લેવાતા મશીનરીમાં કામદારનો ડાબા હાથની હથેળીનો ભાગ આવી જતાં અંગુઠો અને બે આંગડિયો ગુમાવી. જોકે બનાવના પગલે તાત્કાલિક કંપનીના જવાબદાર વ્યકિત દ્વારા ખાનગી હોસ્પિટલમાં સારવાર આપવા લઈ જઈ જવબદારી પૂર્ણ કરી હતી. પરંતુ



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કામદારે સારવાર બાદ કાલોલ પોલીસ સ્ટેશનમાં જાણવા જોક ફરિયાદ નોંધતાં કાલોલ પોલીસ તેમજ ફેક્ટરી ઈન્સપક્ટર દ્વારા કંપનીમાંથી તપાસ માટે જરૂરી નમૂનાઓ લઈ વધુ કામગીરી માટે લઈ જઈ ને ઘટતી કામગીરી પૂર્ણ કરવાંની કાયદેસરની કામગીરી હાથ ધરી છે. હવે જોવું રહ્યું ખરે ખર કામદાર ને ન્યાય આપવામાં તંત્ર કેટલું સફળ બનશે ?

## પંચમહાલ જીલ્લામાં ધોધમાર વરસાદ : નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા

ગોધરા,
પંચમહાલ જીલ્લા સહિત ગોધરા શહેરમાં બપોરના સમયે વિજળીના ચમકારા અને ગાજવીજ સાથે ધોધમાર વરસાદ પડ્યો હતો. એક કલાક સુધી વરસેલ વરસાદને લઈ શહેરના અનેક વિસ્તારના માર્ગો ઉપર પાણી ભરાઈ જવાના દ્રશ્યો જોવા મળ્યા હતા. બપોરના સમયે કડાકા-ધડાકા સાથે શરૂ થયેલ વરસાદમાં ગોધરા તાલુકાના વેગનપુર ગામે આકાશી વિજળી પડવાથી એક વ્યકિતનું મોત નિપજાવા પામ્યું છે. રાજ્યના હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત સહિત સૌરાષ્ટ્રમાં આગામી ત્રણ દિવસમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી. તે મુજબ છેલ્લા બે દિવસ થી પંચમહાલ જીલ્લામાં સાર્વત્રિક વરસાદ નોંધાવા પામ્યો છે. મેઘરાજા એ ધમાકેદાર રીએન્ટ્રી થી સુકાતા પાકોને જીવતદાન મળ્યું છે. ખેડુતોમાં આનંદ વ્યાપી જવા પામ્યો છે. પંચમહાલ જીલ્લા સહિત ગોધરામાં બપોરના સમયે વિજળીના ચમકારા અને ગાજવીજ સાથે એક કલાક સુધી ધોધમાર વરસાદ વરસ્યો હતો. બપોરના સમયે ધોધમાર વરસાદને લઈને શહેરના અનેક વિસ્તારોમાં માર્ગો ઉપર પાણી ભરાયેલા જોવા મળ્યા હતા. શહેરાના અંકલેશ્વર મહાદેવ રોડ, બસ સ્ટેશન, બગીચા રોડ ઉપર જળ ભરાવાની સ્થિતી ઉભી થઈ હતી. ધોધમાર વરસાદ સાથે વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે. પંચમહાલ જીલ્લામાં વરસાદને લઈ ખેડુતોમાં આનંદ સાથે નિરાશ પણ થયા છે. કારણ કે ગતરોજ ભારે પવનના સુસવાટા સાથે પડેલ વરસાદને લઈ મકાઈ અને કપાસ જેવા પાકો જમીન દોસ્ત થતાં ખેડુતોને નુકશાન થયું છે. જ્યારે ડાંગર, તુવેર સહિતના અન્ય પાકો માટે વરસાદ જીવતદાન લઈને આવ્યો છે. હાલ મેઘરાજા એ ભાદરવા મહિનામાં ધમાકેદાર રીતે વરસી રહ્યો છે. જેને લઈ નદીઓ, તળાવોમાં તેમજ મોટા જળાશયોમાં પાણીમાં આવક થાય તો બીજી સીઝનમાં ખેતી થાય તેવી આશા પણ ખેડુતોમાં બંધાઈ છે.

### ગોધરાના વેગનપુર ગામે વિજળી પડતા યુવાનનું મોત

ગોધરા તાલુકાના વેગનપુર ગામે આજરોજ વિજળીના ચમકારા અને ગાજવીજ સાથે પડેલ વરસાદ સાથે આકાશી વિજળી પડવાનો બનાવ બન્યો હતો. વેગનપુર ગામે તળાવ ફળીયામાં રહેતા અર્જુન ચૌહાણ ઉ.વ.૩૭ ખેતરમાં પશુઓ ચરાવવા ગયો હતો. તે દરમિયાન આકાશી વિજળી પડતા યુવાનનું ધટના સ્થળે મોત નિપજાવા પામ્યું હતું. જયારે અન્ય યુવક ગંભીર રીતે દાઝી જતાં સારવાર અર્થે ગોધરા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.